*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણ મૂલો ધમ્મો

# આત્મધર્મ

આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૨, કારતકઃ વર્ષ ૨૩ઃ અંક ૧




આજના મંગલ પ્રભાતે પરમ ઇષ્ટરૂપ આનંદરૂપ અભિનંદનીયરૂપ એવા સિદ્ધપદને તથા તેના સાધક સન્તજનોને પરમ આદરથી ભક્તિપૂર્વક અભિનંદીએ, આપણને એ સિદ્ધિ પંથે સુખપૂર્વક દોરી જનારા પૂ. ગુરુદેવને ભાવભીના ચિત્તે અભિવંદીએ, ને તેઓશ્રીની મંગલછાયામાં સૌ સાધર્મીઓ હળીમળીને મુક્તિપુરીના વીર પંથે જઈએ.... એવી ઉત્તમ શુભેચ્છાઓ સાથે 'આત્મધર્મ' પોતાના હજારો સાધર્મી પાઠકોને અત્યંત વાત્સલ્યપૂર્વક અભિનન્દન પાઠવે છે.

દંસણ મૂલો ધમ્મો
આત્મ ધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વર્ષ : ૨૩ અંક : ૧

વીર સં. : ૨૪૯૨, કારતક

તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી ) ( સંપાદકઃ બ્ર. હરિલાલ જૈનઃ સોનગઢ


## નૂતન વર્ષના પ્રારંભે

આપણું આત્મધર્મ-માસિક પૂ. ગુરુદેવની મંગલ છત્રછાયામાં આજે ૨૩ મા વર્ષમાં પ્રવેશી રહ્યું છે. ગુરુદેવ આપણને જે આત્મહિતકારી બોધ આપી રહ્યા છે તેની પ્રભાવનામાં 'આત્મધર્મ' નો કેટલો ફાળો છે તે સૌ જાણે છે, એટલે જ સર્વે જિજ્ઞાસુઓએ 'આત્મધર્મ' ને પોતાનું જ સમજીને પ્રેમથી-આદરપૂર્વક અપનાવ્યું છે. આત્મધર્મે હંમેશાં પોતાના ઉચ્ચ આદર્શો ને ઉચ્ચ પ્રણાલી જાળવી રાખી છે ને હજી સંતોની છાયામાં અને સાધર્મીઓના સહકારથી તેને અનેકવિધ વિકસાવવાની ભાવના છે. અમને જણાવતાં આનંદ થાય છે કે આ અંકથી બ્ર. ભાઈશ્રી હરિલાલ જૈન આત્મધર્મનું સંપાદનકાર્ય સંભાળશે. આત્મધર્મના પાઠકો તેમનાથી પરિચિત જ છે; બાવીસ વર્ષ પહેલાં આત્મધર્મ શરૂ થયું ત્યારથી જ માનનીય મુરબ્બી શ્રી રામજીભાઈની દોરવણી અને સલાહ-સૂચના અનુસાર આત્મધર્મનું લેખન-સંપાદનકાર્ય તેઓ સાંભળી જ રહ્યા છે, હવે સંપાદનશૈલીમાં આધુનિક સુધારાવધારા કરીને તેઓ આત્મધર્મને વધુ ને વધુ વિકસિત ને આકર્ષક બનાવવા પ્રયત્ન કરશે. આત્મધર્મના સમસ્ત જિજ્ઞાસુ પાઠકો પણ આત્મધર્મના વિકાસમાં સહકાર આપશે. એનો અમને વિશ્વાસ છે.

'આત્મધર્મ' નો મુખ્ય ઉદ્દેશ-દેવગુરુધર્મની સેવા, આત્માર્થિતાનું પોષણ અને વાત્સલ્યનો વિસ્તાર; તે ઉદ્દેશને પુષ્ટિકારક પૂ. ગુરુદેવનો ઉપદેશ આત્મધર્મમાં અપાય છે. દર મહિને લગભગ ૬૦ પ્રવચનો દ્વારા ગુરુદેવ તો અમૃતના ધોધ વહેવડાવે છે, ને સાક્ષાત્ શ્રોતાઓ આનંદથી તેનું પાન કરે છે. પણ આત્મધર્મમાં તો તેમાંથી ચૂંટી ચૂંટીને માત્ર ચાર પ્રવચન જેટલું જ આવી શકે, છતાં જેમ બને તેમ વધુ સાહિત્ય આપવાનો પ્રયત્ન કરીશું. માનનીય મુરબ્બી શ્રી રામજીભાઈએ અનેક વર્ષો સુધી આત્મધર્મનું તંત્રીપદ સંભાળીને જે દોરવણી આપી છે તે બદલ તેમનો તથા હાલના તંત્રીશ્રી જગજીવનભાઈનો આભાર માનું છું.

અંતમાં શ્રી જૈનશાસનની, પૂ. ગુરુદેવની ને પૂ. જિનવાણીમાતાની વધુ ને વધુ સેવાનું સામર્થ્ય 'આત્મધર્મ' ને મળે એવી પ્રાર્થના કરૂં છું.

નવનીતલાલ સી. જવેરી
પ્રમુખ,શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ ( સોનગઢ )



## આજના મંગળ પ્રભાતે
## કેવળજ્ઞાનને બોલાવીએ છીએ

'षट्खंडागम' ના નવમા પુસ્તકમાં કહે છે કે વિનયવાન શિષ્ય મતિજ્ઞાનના બળે કેવળજ્ઞાનને બોલાવે છે.

હે પ્રભો વર્દ્ધમાન ! ઋજુવાલિકા નદીના તીરે ક્ષપકશ્રેણી દ્વારા સર્વજ્ઞતાને સાધીને, રાજગૃહીમાં વિપુલાચલ ઉપર તેનો જે બોધ આપે આપ્યો. , ગૌતમસ્વામી–સુધર્મસ્વામી–જંબુસ્વામી–ધરસેનસ્વામી–કુંદકુંદસ્વામી જેવા સમર્થ સંતોએ જે બોધ ઝીલીને ભવ્ય જીવોને માટે સંગ્રહીત કર્યો; સંતોએ સંઘરેલા ને કહાનગુરુ દ્વારા મળેલા તે પવિત્ર બોધદ્વારા આજે અમે પણ આપના અતીન્દ્રિય–અમૃતની પ્રસાદી પામીએ છીએ...એ અમૃત આપની સર્વજ્ઞતાની પ્રતીત ઉપજાવે છે. પ્રભો ! આપના પ્રત્યે પરમ ભક્તિ અને વિનયથી, એ સર્વજ્ઞતાની પ્રતીતદ્વારા અમારા આત્મામાં કેવળજ્ઞાનને બોલાવીએ છીએ....અંશદ્વારા અંશીને બોલાવીએ છીએ.



# મહિમા અહો એ જ્ઞાનનો

(દીવાળીની બોણીમાં સન્તો ચૈતન્યના નિધાન આપે છે)

કેવળજ્ઞાનસ્વભાવી આત્માના અપાર મહિમાપૂર્વક પ્રવચનમાં ગુરુદેવે કહ્યું–હે જીવ! સર્વજ્ઞ પરમાત્માએ તારા આવા ચૈતન્યનિધાન આપ્યા છે તે અમે સર્વજ્ઞના પ્રતિનિધિ તરીકે તને બતાવીએ છીએ. અહો, આવા નિધાન મળતાં મુમુક્ષુ કેવો રાજી–રાજી થાય! વાહ! સંતોએ મારા અપાર નિધાન મને આપ્યાં.–દીવાળીની બોણીમાં સંતોએ કૃપાપૂર્વક મને ચૈતન્યનિધાન આપ્યા.

(પરમાત્મપ્રકાશ–પ્રવચન, ગા. ૩૮–૩૯)

સંતોના ધ્યાનમાં જે આનંદસહિત પ્રગટે છે એવો, કેવળજ્ઞાનસ્વભાવથી ભરપૂર આત્મા જ પરમ ઉપાદેયરૂપ છે. જેના આનંદની, જેના જ્ઞાનસ્વભાવના સામર્થ્યની શી વાત? એ સ્વભાવના મહિમા પાસે બીજા બધાયનો મહિમા ઊડી જાય છે.

ચારે બાજુ અનંત–અમાપ એવું જે ખાલી આકાશ (અલોકાકાશ) જેની મધ્યમાં આ લોક એક રજકણ જેટલો છે; તે અનંત અલોક પણ જ્ઞાનરૂપી ગગનમાં એક નક્ષત્ર સમાન ભાસે છે, આવું વિશાળ જ્ઞાનસામર્થ્ય છે; અનંત અલોકની વિશાળતા કરતાંય જેના જ્ઞાનસામર્થ્યની વિશાળતા અનંતગુણી છે,–આવો તારો સ્વભાવ છે, તેને હે જીવ! તું વીતરાગીદ્રષ્ટિથી ઉપાદેય કર. આવા જ્ઞાનસ્વભાવને ઉપાદેય કરીને જ્યાં લીન થયો ત્યાં લોકાલોક તો સ્વયમેવ જ્ઞેયપણે આવીને જ્ઞાનમાં ઝળકે છે.

અહા, ચૈતન્યના આ મહાસાગર પાસે પુણ્ય–પાપ કે અલ્પજ્ઞતા પણ તુચ્છ ભાસે છે. એકકોર મોટો ચૈતન્ય ભગવાન આખા જગતનો જ્ઞાતા, ને બીજીકોર આખું જગત જ્ઞેયપણે; છતાં જ્ઞાન પાસે જ્ઞેય તો અનંતમા ભાગના લાગે છે. આવા જ્ઞાનસ્વભાવને ઉપાદેય કર. જેની પાસે ચાર જ્ઞાન પણ અનંતમા ભાગના અલ્પ છે–ત્યાં બહારના બીજા જાણપણાની શી વાત! –આવા સામર્થ્યવાળું પરમાત્મતત્ત્વ તું જ છો. અહા, આવા બેહદ જ્ઞાન સાથે આનંદ પણ બેહદ છે.

જ્ઞાન સ્વભાવમાં અતીન્દ્રિય આનંદરસ જામેલો પડયો છે; જ્ઞાન ને આનંદથી ભરપૂર આત્મા–એના નિધાન સન્તો તને બતાવે છે. સન્તો દીવાળીની બોણીમાં ચૈતન્યના નિધાન આપે છે. સંતો કહે છે કે હે જીવ! સર્વજ્ઞ પરમાત્માએ તારા આવા ચૈતન્યનિધાન આપ્યા છે, તે અમે સર્વજ્ઞના પ્રતિનિધિ તરીકે તને બતાવીએ છીએ. અહો, આવા નિધાન મળતાં મુમુક્ષુ કેવો રાજી–રાજી થાય!! વાહ! સંતોએ મારા અપાર નિધાન મને આપ્યાં.

***

# સ્વાનુભૂતિમાં આનંદદાયક

# પરમતત્ત્વ પ્રગટે છે

## એ જ દીવાળીના સાચા દીવડા છે

**સ્વાનુભૂતિમાં સ્થિત સંતોને કોઈ અપૂર્વ આનંદનો અનુભવ કરાવતું જે પરમતત્ત્વ અંતરમાં પ્રકાશમાન થાય છે તેને હે જીવ! તું ઉપાદેય જાણીને ધ્યાવ. સ્વાનુભૂતિવડે જેણે પરમતત્ત્વ અનુભવમાં લીધું તેના આત્મામાં 'દીવાળીના સાચા દીવડા' પ્રગટયા-જુઓ, આ 'દીવાળીના મિષ્ટાન્ન' પીરસાય છે; અંતર અવલોકનવડે આત્મામાં અપૂર્વ જ્ઞાન-આનંદના દીવડા પ્રગટાવવા એ જ સાચી દીવાળી!**

**(પરમાત્મપ્રકાશ-પ્રવચન ગા. ૩૫. : આસો વદ ચોથ)**

નિર્વિકલ્પ શાન્ત અનુભૂતિથી આત્મા વેદનમાં આવે છે; એ અનુભૂતિથી વિપરીત એવા જે રાગ-દ્વેષ-મોહ, તેનાથી ઉત્પન્ન થયેલા કર્મો અને તે કર્મોથી થયેલ આ દેહ, -તે દેહથી પાર અતીન્દ્રિય આત્માને જ્યાં અનુભૂતિમાં લીધો ત્યાં પરનો સંબંધ ખલાસ થઈ ગયો, કર્મ કે રાગદ્વેષ પણ છૂટી ગયા. જ્યાં શુદ્ધાત્માની અનુભૂતિ નથી ત્યાં જ રાગદ્વેષ-કર્મ ને શરીરનો સંબંધ છે. પણ જ્યાં અનુભૂતિવડે પોતે પોતામાં સમાઈ રહ્યો ત્યાં પરનો સંબંધ ન રહ્યો, અશુદ્ધતા ન રહી. આ રીતે શુદ્ધપરમાત્મતત્ત્વની ભાવનાથી સંસાર છેદાઈ જાય છે.

સમભાવમાં સ્થિત મુનિઓને અને ધર્માત્માઓને પરમઆનંદ ઉત્પન્ન કરતું જે કોઇ પરમતત્ત્વ અંતરમાં સ્ફુરાયમાન થાય છે-તેને તું શુદ્ધાત્મા જાણ. જેટલો વ્યવહાર છે તે બધોય શુદ્ધાત્માના અનુભવથી બહાર રહી જાય છે. અહા, પરમતત્ત્વને જ્યાં ધ્યાનમાં લીધું ત્યાં તે તત્ત્વ પરમ-અપૂર્વ આનંદરૂપ છે. અહા, સંતોને આવું તત્ત્વ પરમપ્રિય છે. એને તું ઉપાદેય જાણીને ધ્યાવ. જગતમાં આનંદદાયક હોય તો આ પરમ ચૈતન્યતત્ત્વ જ છે; એટલે તે જ ઉપાદેય છે. જે આનંદદાયક ન હોય તે ઉપાદેય કેમ હોય? જે ઉપાદેય હોય તે આનંદદાયક જ હોય. જે તત્ત્વ આનંદ ન આપે એને તો કોણ આદરે?

અહો, આવું પરમઆનંદદાયક ચૈતન્યતત્ત્વ અનુભવમાં લેવું એ જ ચૈતન્યના સાચા મિષ્ટાન્ન છે. દીવાળી નજીક આવે છે. લોકો દીવાળીમાં નવા નવા મિષ્ટાન્ન કરીને જમે છે. પણ એમાં તો કાંઈ આનંદ નથી; જુઓ, આ 'દીવાળીનાં મિષ્ટાન્ન' પીરસાય છે. આવું પરમતત્ત્વ જેણે અનુભવમાં લીધું તેના આત્મામાં 'દીવાળીના ખરા દીવડા' પ્રગટયા; એ અપૂર્વ આનંદસહિત પ્રગટે છે.

આત્મા જ્યારે દ્રષ્ટિમાં આવે છે ત્યારે તે પરમ આનંદસહિત સ્ફુરાયમાન થાય છે. અનંત આનંદથી પોતાનો આત્મા પોતેને ક્યારે કામમા આવે? કે અંતરમાં ઉપયોગને જોડીને જ્યારે તેને સ્વાનુભવમાં લ્યે ત્યારે પોતાના આનંદનું પોતાને વેદન થાય. પરથી મુખ ફેરવીને સ્વમાં જોડ,–તો સ્વસન્મુખ યોગથી આત્મા આનંદસહિત અનુભવમાં આવે છે. પરમાત્મતત્ત્વ છે તે ધ્યાનમાં પ્રગટે છે. રાગમાં–વિકલ્પમાં પરમાત્મતત્ત્વ પ્રગટતું નથી, એનાથી તો વિમુખ પરમતત્ત્વ છે. પરમાત્મતત્ત્વમાંથી તો આનંદની નદિયું વહે છે, આનંદના પૂર ઉલ્લસે છે,–પણ ક્યારે? કે ઉપયોગનું તેમાં જોડાણ કરે ત્યારે.

જુઓ, આ તો ચૈતન્યના આનંદના મિષ્ટાન્ન છે. એનો કેટલો આદર હોય? એના શ્રવણાદિમાં કેટલો પ્રેમ–વિનય ને ઉત્સાહ હોય? અહો, ચૈતન્યના આનંદના પ્રવાહ એની સામે જોવાના ટાણાં આવ્યા છે, ત્યારે પરની સામે ન જો. ક્ષણેક્ષણે–પળેપળે તારી પર્યાયને આત્મા તરફ વાળ! જગતમાં ચાલતા વિકલ્પો ને સંયોગો મારામાં છે જ નહિ, –એમ એનાથી પરાઙ્મુખ થઈને, દુનિયાથી ઉદાસ થઈને આત્મતત્ત્વમાં સન્મુખ થા.

જેમ વીસવર્ષની બાઈનો પતિ પરણીને તરત મરી જાય, ને બાઈને પતિપ્રેમને લીધે જગતમાં બધેથી ઉદાસીનતા થઇ જાય. પતિના જ વિચાર સિવાય બીજે એનું ચિત્ત લાગે નહિ, બધેથી ઉપેક્ષા થઈ જાય,–તેમ મુમુક્ષુજીવને ચૈતન્યના પરમ પ્રેમ પાસે આખા જગતની ઉપેક્ષા થઈ ગઈ છે. હવે મારા ચૈતન્યતત્ત્વ પાસે હું જાઉં છું. તેમાં ક્ષણનો વિલંબ હવે સહન થતો નથી.

નાનો રાજકુમાર આત્માના ભાનસહિત જ્યારે દીક્ષા માટે તૈયાર થાય છે ત્યારે માતાને કહે છે કે માતા! હવે મુનિ થઈને આત્માની પૂર્ણતા સાધવા માંગું છું, માટે મને રજા આપો! માતા! સુખને માટે તમારે પણ એ જ માર્ગ અંગીકાર કર્યે છૂટકો છે. આત્માને સાધવા માંગું છું, તેમાં ક્ષણનોય વિલંબ પાલવતો નથી, માટે હે માતા! રજા આપ! તું મારી છેલ્લી માતા છો, હવે બીજી માતા કે બીજો ભવ અમે કરવાના નથી. ત્યારે માતા પણ ધર્માત્મા છે, તે કહે છે કે બેટા! તું તારા

આત્માના હિતના રસ્તે જા.....ને અમને પણ એ જ રસ્તો હજો....અમે પણ એ જ માર્ગના કામી છીએ! એમ કહીને માતા રજા આપે છે.

અહો, સ્વરૂપની સન્મુખતા વગર જેનો એક સમય પણ જતો નથી, ચૈતન્યના આનંદમાં જેની પરિણતિ લાગેલી છે ને સમસ્ત પરભાવોથી પરાઙ્મુખ છે–એવા ધર્માત્માના અંતરમાં પરમાત્મતત્ત્વ–શુદ્ધાત્મા ઉપાદેયપણે પ્રકાશમાન થયો છે.

પ્રશ્નઃ –શુદ્ધઆત્મા કેવી રીતે ઉપાદેય થાય?

ઉત્તરઃ –તેની સન્મુખ પરિણતિને જોડવાથી જ તે ઉપાદેય થાય છે. વિકલ્પવડે રાગવડે તે ઉપાદેય થતો નથી. જે રાગને–વ્યવહારને ઉપાદેય માને છે તેણે ભગવાન શુદ્ધાત્માને ઉપાદેય નથી કર્યો, પણ તેનો તિરસ્કાર કર્યો છે, વિરાધના કરી છે. સમસ્ત પરભાવોની રુચિ છોડીને આત્મામાં પરિણતિને જોડી તેને જ શુદ્ધાત્મા ઉપાદેયપણે વર્તે છે, ને સમસ્ત સંસાર તેને હેયપણે વર્તે છે.

ભાઈ, માર્ગ તો અંદરમાં છે; સુખનો માર્ગ અંતરના પરમાત્મતત્ત્વમાં છે, તે સ્વસન્મુખતાથી જ હાથ આવે તેમ છે, બહારમાં જોયે તે માર્ગ મળે તેમ નથી. સ્વભાવથી વિરુદ્ધ પરભાવનો એક કણ પણ જે ઉપાદેય માને છે તેની દ્રષ્ટિમાં આખો શુદ્ધઆત્મા હેય વર્તે છે, અને જેની દ્રષ્ટિમાં આખો શુદ્ધઆત્મા ઉપાદેય વર્તે છે તેની દ્રષ્ટિમાં સમસ્ત પરભાવ ને સમસ્ત સંસાર હેયપણે વર્તે છે.

જુઓ, બે પડખાં–એક તરફ આખો શુદ્ધઆત્મા, બીજી તરફ આખો સંસાર; તેમાંથી એક ઉપાદેય ત્યાં બીજું હેય, ને બીજું જ્યાં ઉપાદેય ત્યાં પહેલું હેય. –પણ બંને એકસાથે ઉપાદેયપણે રહી શકે નહિ. સ્વભાવ અને પરભાવ એકબીજાથી વિરુદ્ધ–એ બંનેને એક સાથે ઉપાદેય કરી શકાય નહિ. પરમાત્મતત્ત્વને ઉપાદેય કરતાં રાગનો એક કણિયો પણ ઉપાદેય રહે નહિ. ચૈતન્યના અમૃતને ઉપાદેય કર્યું ત્યાં રાગરૂપ ઝેરનો સ્વાદ કોણ લ્યે? અંતરાત્મબુદ્ધિ પ્રગટી ત્યાં બહિરાત્મબુદ્ધિ છૂટી ગઈ. અંતરાત્મબુદ્ધિમાં પરમઆનંદના અમૃત પીધાં, ત્યાં રાગના વેદનની રુચિ રહે નહિ. ઊંડે ઊંડે રાગની કે બહારના જાણપણાની મીઠાશ રહી જાય તો અંદરનું પરમાત્મતત્ત્વ પ્રગટ નહિ થાય. માટે બાહ્યબુદ્ધિ છોડીને ચૈતન્યનિધાનમાં નજર કર. અંતર–અવલોકનથી તારા આત્મામાં અપૂર્વ જ્ઞાન–આનંદના મંગળ દીવડા પ્રગટશે.

# જીવ–અજીવનું ભેદજ્ઞાન

( પરમાત્મ–પ્રકાશ )

**વીતરાગસ્વભાવનું ગ્રહણ વીતરાગપરિણતિ વડે થાય છે. જે પર્યાય શુદ્ધસ્વભાવને અનુભવવા અંતરમાં જાય છે તે પર્યાય પણ તેવી જ શુદ્ધ થઈ જાય છે. ને રાગાદિથી ભિન્ન પરિણમી જાય છે. ત્યારે જ સાચું ભેદજ્ઞાન છે.**

જેટલા ભાગમાં શુદ્ધઆત્મા અનંતગુણસમ્પન્ન છે, તેટલા જ ભાગમાં તેની નિર્વિકલ્પ શુદ્ધ અનુભૂતિ છે, રાગ પણ તેટલા જ ભાગમાં છે ને શરીર–કર્મનો સંબંધ પણ તેટલા જ ક્ષેત્રમાં છે. હવે એક ક્ષેત્રમાં એ ચારે પ્રકાર હોવા છતાં તેનું પૃથક્કરણ–

શુદ્ધાત્મા અનંતગુણસમ્પન્ન છે, તેની નિર્વિકલ્પ અનુભૂતિ તેની સાથે અભેદ છે; રાગાદિક પરભાવો ખરેખર એ સ્વભાવથી જુદા છે, શુદ્ધ ચૈતન્યમય જીવની અપેક્ષાએ રાગાદિક અજીવ છે, ને દેહ–કર્માદિ તો ભિન્ન અજીવ છે. દેહ કે કર્મ સાથે જીવનો સંબંધ કહેવો તે તો અદ્ભુત છે, તે ખરેખર જીવમાં ન હોવા છતાં એક ક્ષેત્રઅપેક્ષાએ જીવના કહેવા તે અસદ્ભુત છે. રાગ પોતાની પર્યાયમાં છે પણ તે અશુદ્ધ છે, તેથી અશુદ્ધ નિશ્ચયથી જ રાગ આત્માનો છે, શુદ્ધનિશ્ચયમાં આત્મા રાગરહિત છે. માટે શુદ્ધઆત્મા ઉપાદેય છે. રાગાદિ અશુદ્ધતા તે હેય છે.

નિર્મળ અનુભૂતિની પર્યાય એક સમય પૂરતી શુદ્ધ પરિણતિ છે તેથી તે શુદ્ધસદ્ભુત વ્યવહાર છે; પણ તે શુદ્ધ પરિણતિ તે કાળે આત્મસ્વભાવમાં તન્મય થઈને વ્યાપેલી છે, અભેદ છે. અને તે સ્વભાવની અપેક્ષાએ રાગને તો અજીવ કહ્યો છે.

પ્રશ્નઃ –રાગ તો જીવની પર્યાય છે છતાં તેને કેમ અજીવ કહ્યો ?

ઉત્તરઃ –અજીવ બે પ્રકારે– એક જીવ સાથે સંબંધવાળું અજીવ; ને બીજું જીવ સાથે સંબંધ વગરનું અજીવ.

રાગાદિને જીવ સાથે સંબંધ હોવા છતાં તે જીવના સ્વલક્ષણભૂત નથી, સ્વભાવભૂત નથી, માટે તે અજીવ છે; ને પુદ્ગલ–કાળ વગેરે પાંચ દ્રવ્યો તો જીવ સાથે સંબંધ વગરના અજીવ છે; જીવથી તેના પ્રદેશો જ જુદા છે. જીવ તો શુદ્ધચેતના–અનુભૂતિમાત્ર છે. સમસ્ત અજીવથી ભિન્ન આવો શુદ્ધજીવ જ ઉપાદેય છે–એમ જાણવું.

ભાઈ, તારું લક્ષણ તો ચેતના છે, જ્ઞાનઅનુભૂતિ તે તારું ખરું લક્ષણ છે, જ્ઞાન સાથે જે સુખ, શ્રદ્ધા, ચારિત્ર વગેરે છે તે પણ તારું લક્ષણ છે, પરંતુ રાગાદિક તો તારું ખરું

લક્ષણ નથી, તેના વડે આત્મસ્વરૂપ લક્ષિત થતું નથી; ને દેહાદિ પણ અજીવલક્ષણ છે. રાગ કે દેહ તે તારા સ્વરૂપની પ્રાપ્તિનું સાધન નથી. સાધન ને સાધ્ય એક જાતના હોય, વિરુદ્ધ ન હોય. શરીર ને રાગાદિ અજીવ વડે શુદ્ધ જીવની અનુભૂતિ થાય નહિ. શુદ્ધ અનુભૂતિગમ્ય એવો શુદ્ધ જીવસ્વભાવ જ ઉપાદેય છે.

જેમ કાટવાળી ડબ્બીમાં કિંમતી ઝગઝગતું રત્ન રહ્યું હોય, ત્યાં તે રત્ન ડબ્બીથી અને કાટથી જુદું છે ને પોતાના પ્રકાશ વગેરે ગુણોથી સહિત છે; તેમ દેહરૂપી ડબ્બીમાં કષાયરૂપી કાટની વચ્ચે રહેલું ચૈતન્યપ્રકાશથી ચમકતું આત્મરત્ન જડ દેહથી જુદું છે ને કષાયરૂપી કાટથી પણ જુદું છે. ડબ્બીમાંથી રત્ન ઉપાડી લ્યો ત્યાં તે ડબ્બીથી ને કાટથી જુદું જ છે, તેમ રાગથી ને દેહથી પાર ચૈતન્યતત્ત્વને અંતરદ્રષ્ટિમાં લ્યો ત્યાં તે તત્ત્વ રાગથી ને દેહથી પાર ચૈતન્યતેજપણે અનુભવમાં આવે છે.

અહો, અનંત–અનંત છેડા વગરના આકાશ કરતાં ય જેના જ્ઞાનસ્વભાવની ગંભીરતા અનંતગુણી છે, એવો આ આત્મા છે. તે દેહથી ને ઇન્દ્રિયથી તો ગમ્ય ન થાય, સંકલ્પ–વિકલ્પથી પણ ગમ્ય ન થાય. દેહાદિ અનંત પદાર્થોથી પોતે ભિન્ન હોવા છતાં તે અનંત પદાર્થોને જાણવાની તાકાતવાળો છે. પરને પોતારૂપે કર્યા વિના તેને જાણે લ્યે એવી આત્માની તાકાત છે. રાગને જાણે છતાં રાગમય ન થાય એવી જ્ઞાનની તાકાત છે. રાગને જાણતાં અજ્ઞાનીને રાગમય જ આત્મા ભાસે છે, રાગથી જુદો રહેનારો જ્ઞાનસ્વભાવ તેને લક્ષમાં આવતો નથી એટલે ભેદજ્ઞાન થતું નથી.

ભાઈ, પહેલાં તું લક્ષણદ્વારા ભિન્ન ઓળખીને જ્ઞાનને અને રાગને જુદા તો જાણ. જુદા જાણ્યા વગર ભવ–તન–ભોગથી સાચી વિરક્તિ થાય નહિ, ને એનાથી સાચી વિરક્તિ વગર આત્મસ્વરૂપમાં ઉપયોગ લાગે નહિ; ને આત્મસ્વરૂપના ધ્યાન વગર આ સંસારની વેલી તૂટે નહિ; માટે કહે છે કે આ સંસારવેલીને છેદવા માટે હે જીવ! તું ભેદજ્ઞાનના બળે ભવ–તન–ભોગથી વિરક્ત થઇને અતીન્દ્રિય આત્માને ધ્યાવ.

અહો, આત્મજ્ઞાનથી ઉત્પન્ન જે વીતરાગી પરમ આનંદ, તેના આસ્વાદથી ધર્મીને સમસ્ત પરભાવો ને પરદ્રવ્યોનો અનુરાગ છૂટી ગયો છે, એટલે તેનાથી વિરક્ત થઇને તે શુદ્ધાત્માને જ ચિંતવે છે; તેને સંસાર છૂટી જાય છે. માટે ભેદજ્ઞાનપૂર્વક શુદ્ધાત્મધ્યાન કર્તવ્ય છે. આવા ધ્યાન વગર બીજા ઉપાયથી આત્મા જાણવામાં આવી જાય–એવો એનો સ્વભાવ નથી.

દેહાદિ કે સંકલ્પ–વિકલ્પ જે ચીજ શુદ્ધઆત્માથી ભિન્ન છે તેના વડે શુદ્ધાત્માનું ગ્રહણ કેમ થઈ શકે? ન થાય. તો કઇ રીતે ગ્રહણ થાય? કે વીતરાગી સ્વસંવેદનરૂપ અનુભવજ્ઞાનથી જ આત્માનો સ્વભાવ ગ્રહણમાં આવે છે. જે સ્વસન્મુખપરિણતિ આત્મામાં અભેદ થઈ તેમાં જ આત્માનું ગ્રહણ છે. પરસન્મુખપરિણતિમાં આત્માનું ગ્રહણ થતું નથી. વીતરાગ સ્વભાવનું ગ્રહણ વીતરાગપરિણતિ વડે થાય છે. વીતરાગસ્વભાવનું ગ્રહણ રાગવડે થતું નથી. ભાઈ, પહેલાં આવા સમ્યક્ માર્ગનો નિર્ણય તો કર. આવા તારા સ્વભાવને લક્ષગત કરીને તેનો ઉત્સાહ લાવ.

જે પર્યાય શુદ્ધસ્વભાવને અનુભવવા અંતરમાં જાય છે તે પર્યાય શુદ્ધ–વીતરાગભાવરૂપ પરિણમી જાય છે ને રાગાદિથી ભિન્ન પરિણમી જાય છે. ત્યારે જ સાચું ભેદજ્ઞાન છે. રાગપરિણતિ શુદ્ધસ્વભાવમાં જઇ શકે નહિ. સત્ એવો જે આત્મસ્વભાવ તે સત્પરિણતિ વડે જ ખ્યાલમાં આવે છે; બંને એક જાતના થઇને તન્મય થઇ જાય છે. આ જ સમ્યગ્દર્શનાદિનો માર્ગ છે.

## આ નુતન વર્ષમાં

કેવળજ્ઞાનના મંગલપ્રકાશથી પ્રકાશિત આ આત્મસ્વભાવ અમને પ્રાપ્ત હો. જીવનમાં વહેણ ચૈતન્યસાગર તરફ વહો. જીવનની બધી પ્રવૃત્તિ ચૈતન્યસાધનાને અનુરૂપ જ હો. હે શુદ્ધાત્મદાતા પંચપરમેષ્ઠી ભગવંતો! મારા જ્ઞાનમાં સદાય બિરાજમાન રહો ને મને અનુગ્રહપૂર્વક ચૈતન્યની આરાધનાનો ઉત્સાહ આપ્યા કરો.

# ગાઢા–પક્કા ભેદજ્ઞાન
## ( અને અમૃતની વૃષ્ટિ )

( કલશટીકા–પ્રવચનઃ કળશઃ ૨૦૩ )

દેહાદિનો કે જડકર્મનો કર્તા જીવ નથી; અને જીવની પર્યાયમાં જે અશુદ્ધચેતનારૂપ રાગ–દ્વેષ થાય છે તે જડનું કાર્ય નથી, પણ જીવ એકલો જ વ્યાપ્ય–વ્યાપકભાવથી તેને કરે છે. જીવના અશુદ્ધ પરિણામમાં પુદ્ગલનું વ્યાપ્ય–વ્યાપકપણું નથી, ને પુદ્ગલના કાર્યોમાં જીવનું વ્યાપ્ય–વ્યાપકપણું નથી, એટલે કે જીવ તથા અજીવને એકમેકપણું નથી. અત્યંત જુદાપણું છે.

જીવ અને અજીવ બંને ભેગા થઇને રાગદ્વેષ કરે છે એમ પણ નથી. રાગાદિ અશુદ્ધ પરિણામને જીવ પોતે એકલો જ કરે છે ને તેના ફળરૂપ દુઃખને જીવ એકલો જ ભોગવે છે. બહારના સંયોગને કોઈ જીવ ભોગવતો નથી. પુદ્ગલમાં કાંઈ દુઃખ–સુખ નથી. અજ્ઞાનીજીવ મોહથી સંયોગમાં સુખ–દુઃખ માને છે.

અરે જીવ! તું દેહમાં સુખ માનીને કે દેહની પ્રતિકૂળતામાં દુઃખ માનીને સૂતો છો –પણ સાંભળ! તારું તત્ત્વ દેહથી ભિન્ન છે, તારું સુખ–દુઃખ દેહમાં નથી. દેહથી તું અત્યંત જુદો છે.

એક માણસ સમાય એટલી જ લાંબી–પહોળી લોઢાની કોઠી હોય, પચીસ હાથ ઊંચી હોય, ક્યાંયથી હવા આવે તેવું કાણું ન હોય, તેમાં એક સુંવાળા–કોમળ શરીરવાળા નાનકડા રાજકુંવરને ઉતાર્યો હોય, ને તે કોઠીની ચારે બાજુ જોસદાર અગ્નિ સળગાવ્યો હોય, તેમાં બફાતા રાજકુમારને જે દુઃખ થાય છે તે દુઃખ શરીરના કારણે નથી, અગ્નિના કારણે નથી, પણ અંદર કષાયના અગ્નિનું દુઃખ છે. એ કોઠીમાં પૂરાયેલા રાજકુમાર કરતાંય અનંતગુણા પ્રતિકૂળ સંયોગો પહેલી નરકના નાનામાં નાના ( ૧૦, ૦૦૦ વર્ષના આયુષવાળા ) જીવને છે. છતાં ત્યાં સંયોગનું દુઃખ નથી. ત્યાં પણ કોઈ જીવ દેહથી પાર ચિદાનંદતત્ત્વની અનુભૂતિ પ્રગટ કરીને પરમ આનંદને આસ્વાદે છે. –એવા અસંખ્યાતા જીવો પહેલી નરકમાં છે, સાતમી નરકમાંય અસંખ્ય જીવો છે. દેહનું દુઃખ કોઈને નથી. ( ગુરુદેવના મુખેથી આ અમૃતધારા વરસતી હતી ત્યાં બહારમાં એકાએક વરસાદ આવ્યો. –તે પ્રસંગના ગુરુદેવના ઉદ્ગાર માટે આ લેખનો છેલ્લો ભાગ જુઓ. )

હવે એ જ રીતે કોઇ જીવ ઉત્તમ મિષ્ટાન્ન ખાઇને, કેરીનો રસ ને ગુલાબજાંબુ ખાઇને, કોમળ પથારીમાં ઠંડી હવામાં સૂતો હોય, ઇન્દ્રાણી જેવી સ્ત્રી પંખો ઢાળતી હોય,

છતાં તે જીવને શરીરના સંયોગનું કિંચિત્ સુખ નથી; તે પણ મોહથી દુઃખી જ છે. અનુકૂળ–પ્રતિકૂળ સંયોગથી કોઇ જીવ સુખી–દુઃખી નથી. પોતાની અશુદ્ધ–ચેતનારૂપ રાગ–દ્વેષથી જ જીવ દુઃખી છે. શુદ્ધસ્વભાવી ભગવાન તે પોતાને ભૂલીને ભવમાં ભટકી રહ્યો છે. દસહજાર વર્ષથી શરૂ કરીને એકેક સમયની વૃદ્ધિથી ૩૩ સાગરોપમના અસંખ્યાતા વર્ષો સુધીના અસંખ્ય પ્રકારની સ્થિતિના જે અસંખ્ય ભવ, તે એકેક ભવમાં જીવ અનંત અનંતવાર ઉપજી ચૂક્યો છે. અનંત ગુણથી ભરપૂર ભગવાન, એકેક ગતિમાં અનંત ભવ કરી ચૂક્યો છે. અરે જીવ! તું તારું ભગવાનપણું તો ભૂલ્યો, ને તેં જે ભવ કર્યા તેને પણ તું ભૂલ્યો. ૧૦ હજાર વર્ષ, પછી એક સમય વધારે, પછી બે સમય વધારે –એમ વધતાં વધતાં સાતમી નરકનું ૩૩ સાગરનું આયુષ્ય, –એની વચ્ચે જેટલા ભવ થાય–એટલા અસંખ્યાતા ભવ, તે દરેક ભવમાં અનંતવાર જીવ ઉપજી આવ્યો, ને અનંતી પ્રતિકૂળતા વચ્ચેથી એવો ને એવો સોંસરવટ નીકળ્યો; એ જ રીતે સ્વર્ગની અનુકૂળતાના ભવ પણ દસહજારવર્ષથી માંડીને ૩૧ સાગરોપમ સુધીની સ્થિતિના અનંતવાર કર્યા. છતાં નરકના સંયોગનું દુઃખ નથી કે સ્વર્ગના સંયોગવાળો સુખી નથી. રાગ–દ્વેષભાવને એકલો અજ્ઞાનપણે કરતો થકો મોહથી અજ્ઞાની જીવ દુઃખી છે.

તારા અશુદ્ધ પરિણામનો કર્તા તું છો; ને ભેદજ્ઞાન વડે તે કર્તાપણું છૂટી શકે છે. માટે પરથી ભિન્ન તારા જ્ઞાનસ્વભાવને લક્ષમાં લઈને અત્યંત ગાઢ–પાકું ભેદજ્ઞાન કર. અનાદિથી પર સાથે જે ગાઢ એકત્વબુદ્ધિ છે તેને ગાઢ ભેદજ્ઞાનવડે દૂર કર....ઘણા ઘણા પ્રકારે ભેદજ્ઞાનનો અભ્યાસ કરીને દ્રઢ–પાકું–ગાઢ ભેદજ્ઞાન કર. ક્યાંય પર સાથે અંશમાત્ર એકત્વબુદ્ધિ ન રહે, ને જ્ઞાન સાથે રાગાદિની પણ અંશમાત્ર એકતાબુદ્ધિ ન રહે –એવું સ્પષ્ટ ભેદજ્ઞાન કરીને તારા ભિન્ન જ્ઞાનસ્વભાવને અનુભવમાં લે. જેના અનુભવથી તારું આ દુઃખદાયી ભવભ્રમણ ટળશે ને આત્મામાં શીતળ અતીન્દ્રિય આનંદરસની ધારા વહેશે.

***

## સખ્ત ગરમીમાં અમૃતની વૃષ્ટિ

આસો વદ સાતમે બપોરનું આ પ્રવચન ચાલતું હતું, ગુરુદેવ વૈરાગ્યનું અમૃત વરસાવતા હતા; સખત ગરમી હતી; ત્યાં એકાએક ધોમધખતા તડકા વચ્ચે ધોધમાર વરસાદ આવ્યો, ને તરત ગુરુદેવે કહ્યુંઃ અરે, સાતમી નરકની ધોમધખતી પીડા વચ્ચે રહેલો જીવ ત્યાં સમ્યગ્દર્શન પામે છે ને આત્મામાં અમૃતના વરસાદ વર્ષે છે. સાતમી નરકની પ્રતિકૂળતાની જ્વાળા વચ્ચે પણ અંતરદ્રષ્ટિવડે ચૈતન્યના શીતળ–શાંત અમૃતને વેદે છે. સંયોગમાંથી દ્રષ્ટિ પાછી ખસેડીને સ્વભાવમાં દ્રષ્ટિ જોડતાં આત્મામાં પરમ–આનંદના ધોધ વરસે છે, ને અનાદિના મોહનો તીવ્ર આતાપ મટીને પરમ શીતળતા અનુભવાય છે.

# ભગવતી જિનવાણીનું ફરમાન

( જિનવાણી બતાવે છે–વચનઅગોચર વસ્તુ )

શાસ્ત્રો કાંઇ એમ નથી કહેતા કે તું અમારી સામે જોયા કર. શાસ્ત્રો તો કહે છે કે તું તારી સામે જો. અમારું લક્ષ છોડીને અંતર્મુખ થા ને તારા આત્માને ધ્યાનમાં લે. તારામાં તારું પરિપૂર્ણ સામર્થ્ય છે તેનો તું આશ્રય કર–એવું ભગવતી જિનવાણીનું ફરમાન છે. જેણે સ્વાશ્રયથી આત્માને જાણ્યો તેણે જ જિનવાણીની આજ્ઞા માની; જિનવાણીએ જેવો કહ્યો તેવો આત્મા તેણે અનુભવમાં લીધો–એ જ જિનવાણીની ઉપાસના છે. ગણધરો–ઇન્દ્રો–ચક્રવર્તીઓની સભામાં તીર્થંકરભગવાને સ્વાશ્રિતમાર્ગનો ઢંઢેરો પીટીને ઉપદેશ આપ્યો છે. જેણે સ્વાશ્રિતમાર્ગ જાણ્યો તેણે જ સર્વશાસ્ત્ર જાણ્યા.

( પરમાત્મ–પ્રકાશ–પ્રવચન : ગાથા ૨૩ )

* * * * *

આ સ્વાનુભવગમ્ય પરમાત્મતત્ત્વ એવું નથી કે શબ્દો વડે જેને જાણી શકાય. પછી દિવ્યધ્વનિના શબ્દો હોય કે શાસ્ત્રના શબ્દો હોય, તે શબ્દો તરફના વલણથી આત્મા અનુભવમાં આવતો નથી. દિવ્યધ્વનિ અને શાસ્ત્રના શબ્દો પણ એમ જ કહે છે કે અમારા તરફનું વલણ છોડીને તારા સ્વભાવ તરફ વળ–તો તને તારો સ્વાનુભવ થાય.

શાસ્ત્રથી આત્મા ન જણાય–એમ કોણ કહે છે? –શાસ્ત્રો પોતે જ એમ કહે છે. અરે ભાઈ! શું પર તરફના વલણથી આત્મા જણાય? ના; અરે અંદરના તારા વિકલ્પથી પણ આત્મા નથી જણાતો, ત્યાં પરની શી વાત? શાસ્ત્ર તરફનો વિકલ્પ તે પુણ્યબંધનું કારણ છે; તેને જો મોક્ષનું કારણ માનીને સેવે તો મિથ્યાબુદ્ધિ થાય છે.

અરે, તારું તત્ત્વ શુદ્ધ ચૈતન્યમય, નિર્વિકલ્પ, તેમાં વિકલ્પનો કે શબ્દનો પ્રવેશ ક્યાં છે? આત્મા તો સ્વાનુભૂતિમાં ગમ્ય છે. અંતર્મુખ નિર્મળધ્યાનનો વિષય આત્મા છે. અંતર્મુખ ઉપયોગમાં આત્મા પ્રગટે છે. ઇન્દ્રિય કે મનનો વિષય તે થાય નહિ. માટે હે શિષ્ય! આવા ઇન્દ્રિયાતિત આત્માને સ્વાનુભવમાં લઇને તેને જ ઉપાદેય જાણ. આત્માના અનુભવ વગરનાં શાસ્ત્રભણતર કે પંડિતાઈ–એ કાંઈ મોક્ષનું કારણ થતું નથી. શાસ્ત્રોની પંડિતાઈ જુદી ચીજ છે ને અનુભૂતિગમ્ય પરમતત્ત્વ એ જુદી ચીજ છે.

સ્વાનુભૂતિગમ્ય તારા પરમાત્મતત્ત્વને તું વાણીના વિલાસથી કે વિકલ્પના વિસ્તારથી લક્ષમાં લેવા માંગીશ તો એ તત્ત્વ એમ લક્ષમાં નહિ આવે આ પરમતત્ત્વ એવું તૂચ્છ નથી કે વિકલ્પ વડે ગમ્ય થઇ જાય. વિકલ્પ વડે કે વાણી તરફના વલણથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ થઇ જશે એમ જે માને તેણે વિકલ્પથી ને વાણીથી પાર એવા આત્મતત્ત્વના અચિંત્ય–પરમ મહિમાને જાણ્યો નથી.

પરમાત્મતત્ત્વ અંતરમાં છે, તે પરમાત્મતત્ત્વનો પ્રકાશ તો સ્વાનુભૂતિ વડે જ થાય છે. વાણી તો જડ છે ને વિકલ્પ તો અંધકાર છે, તેમાં પરમાત્મતત્ત્વનો પ્રકાશ નથી. માટે હે જીવ! તું બહિરાત્મપણું છોડી, અંતરાત્મપણું પ્રગટ કરી પરમાત્મસ્વરૂપને ધ્યાનમાં લે. પરવસ્તુ સામે જોયે સ્વવસ્તુ અનુભવમાં નહિ આવે. સમાધિમાં એટલે કે ઉપયોગની અંતર્મુખ એકાગ્રતામાં તો રાગરહિત પરમ શાંતિનું વેદન છે. ઉદયભાવ વડે તારો પરમ સ્વભાવ અનુભવમાં નહિ આવે. તારો સ્વભાવ ઉદયભાવથી તો દૂર–દૂર છે. સિદ્ધ ભગવંતોનું અતીન્દ્રિયસ્વરૂપ પણ રાગથી કે પરસન્મુખી ક્ષયોપશમથી અર્થાત્ ઇન્દ્રિયજ્ઞાનથી ઓળખાતું નથી, તો તેમના જેવું પોતાના આત્માનું સ્વરૂપ છે તે પણ ઇન્દ્રિયજ્ઞાનથી જણાતું નથી, પરાલંબી ક્ષયોપશમજ્ઞાનથી પણ જણાતું નથી, તો પછી રાગાદિ ઉદયભાવથી તો તે કેમ જણાય?

અરે, આત્માનું સ્વરૂપ સિદ્ધભગવાન જેવું પોતાથી પરિપૂર્ણ છે. શુદ્ધ આત્માના ધ્યાન વડે જ આત્માની સિદ્ધિ થાય છે; એને જાણ્યા વગર લોકો અન્ય માર્ગમાં લાગેલા છે, પુણ્યના ને પરાશ્રયના માર્ગમાં લાગ્યા છે, પણ તેમાં પરમતત્ત્વ પ્રાપ્ત થતું નથી. પરમતત્ત્વ અંતરમાં છે, તેનો માર્ગ અંતરમાં છે. વિકલ્પમાં શોધ્યે તે નહિ મળે.

શાસ્ત્રોના શબ્દોથી આત્મા ન જણાય–એ વાત સાંભળતાં ઘણા ભડકે છે કે અરે! શાસ્ત્રનો અનાદર થઇ જશે!! પણ ભાઈ, શાસ્ત્રોએ જ કહ્યું તેનો સાચો આશય સમજવો તેમાં જ શાસ્ત્રોનો આદર છે, ને તેનાથી વિપરીત માનવું તેમાં શાસ્ત્રોનો અનાદર છે. શાસ્ત્રો કહે છે કે અમે પરાશ્રયથી લાભ થવાનું કહેતાં નથી; છતાં પરાશ્રયથી જે લાભ

માને છે તે શાસ્ત્રનો અનાદર કરે છે. અહો શાસ્ત્ર તો એકદમ સ્વાશ્રય કરવાનું જ ઉપદેશે છે–એમ જેને સ્વાશ્રયનો મહિમા આવશે તેને શાસ્ત્રપ્રત્યે ખરો આદર આવશે. ભાઈ, તું ચેતન–જ્ઞાનપિંડ, ને શાસ્ત્રના શબ્દો તે તો અચેતન–પુદ્ગલપિંડ, તે પુદ્ગલપિંડ વડે ચૈતન્યપિંડ કેમ જણાય ? ચૈતન્યજાત વડે જ ચૈતન્યતત્ત્વ જણાય.

આત્માને જાણવાનું સાધન શું ? કે આત્માનું જ્ઞાન તે જ આત્માને જાણવાનું સાધન છે. શબ્દો તે આત્માને જાણવાનું ખરું સાધન નથી. આત્માને અનુભવવાનું સાધન આત્માથી જુદું ન હોય. સ્વાશ્રિત નિશ્ચય છે, તે જ સાચો માર્ગ છે. વ્યવહાર તો પરાશ્રિત છે ને પરાશ્રય તો બંધનું કારણ છે. તે પરાશ્રયભાવમાં ચૈતન્યના આનંદનો સ્વાદ જરાપણ આવતો નથી. અંદરમાં સ્વાશ્રયભાવે પરિણમેલું જ્ઞાન અતીન્દ્રિય–આનંદના સ્વાદસહિત છે, તેનાથી જ પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે. આ સિવાય બીજો ઉપાય નથી. તેથી છહઢાળામાં કહે છે કે–

લાખ બાતકી બાત યહ નિશ્ચય ઉર આણો,
તૌડ સકલ જગ દંદ–ફંદ નિજ આતમ ધ્યાવો.

કોઇ કહે કે જિનવાણીને પરદ્રવ્ય કહે તે જૈન નહિ; અહીં આચાર્યો–સંતો કહે છે કે જિનવાણી પરદ્રવ્ય છે ને પરદ્રવ્યના આશ્રયે લાભ મનાવે તે જૈન નથી. જિનવાણીનો ઉપદેશ સ્વાશ્રયનો છે, સ્વાશ્રિત મોક્ષમાર્ગ જિનવાણીએ બતાવ્યો છે, તેને બદલે પરાશ્રયે મોક્ષમાર્ગ માન્યો તેણે જિનવાણીની આજ્ઞા ન માની, માટે તે જૈન નથી. જેણે સ્વાશ્રયથી આત્માને જાણ્યો તેણે જ જિનવાણીની આજ્ઞા માની, તેણે જ જિનવાણીની સાચી ઉપાસના કરી; જિનવાણીએ જેવો આત્મા કહ્યો તેવો તેણે અનુભવમાં લીધો, એ જ જિનવાણીની ઉપાસના છે.

એકલા શાસ્ત્રના શબ્દો સાંભળ્યા કરે પણ જો અંદર આત્મા તરફ ઉપયોગને ન વાળે ને આત્માને ધ્યાનમાં ન લ્યે તો તે જીવ આત્માને અનુભવી શકતો નથી શાસ્ત્રો કાંઇ એમ નથી કહેતાં કે તું અમારી સામે જ જોયા કર. શાસ્ત્રો તો એમ કહે છે કે તું તારા સામે જો; અમારું લક્ષ છોડીને અંતર્મુખ થા ને તારા આત્માને ધ્યાનમાં લે. વસ્તુ વચનથી અગોચર છે, વિકલ્પથી અગોચર છે ને ધ્યાનમાં જ ગોચર છે. હે જીવ ! આવા તારા પરમાત્મસ્વરૂપને સાધવા દૃઢ સંકલ્પી થા. કેમકે ‘હરિનો મારગ છે શૂરાનો’ .

તારામાં તારું પરિપૂર્ણ સામર્થ્ય છે–તે શાસ્ત્રો દેખાડે છે; તે જેને નથી બેસતું, અને કાંઈક પરાશ્રય જોઇએ–એમ જેને પરાશ્રય રુચે છે તે કાયરને સર્વજ્ઞનાં કે સન્તોનાં વચનની ખબર નથી. જુઓ, આ વીતરાગનાં વચન !

**વચનામૃત વીતરાગનાં પરમશાંત રસમૂળ,**
**ઔષધ જે ભવરોગનાં કાયરને પ્રતિકૂળ.**

સ્વાશ્રયની આવી વાત......જે સમજતાં અંતર્મુખ પરિણતિ થાય ને પરમ શાંતરસ પ્રગટે,–પણ અજ્ઞાની એ વાત સાંભળતાં ભડકે છે કે અરે, વાણીનો પણ આશ્રય નહિ!! વાણીથી પણ લાભ નહિ!! એમ તે કાયરપણે પરાશ્રયમાં લાગ્યો રહે છે. પણ શૂરવીર થઇને સ્વાશ્રય કરતો નથી. વીતરાગની વાણીએ તો સ્વાશ્રયમાર્ગનો ઢંઢેરો પીટીને ઉપદેશ આપ્યો છે.

ગણધરોની સમક્ષ, ઇન્દ્રોની સમક્ષ, ચક્રવર્તીની સમક્ષ તેમજ લાખોકરોડો દેવ–મનુષ્યો–તિર્યંચોની સભામાં તીર્થંકર ભગવાનની વાણીએ એમ બતાવ્યું કે આ આત્મતત્ત્વ ધ્યાનગમ્ય છે, વાણીગમ્ય નથી. નિશ્ચય–વ્યવહારરૂપ જે દ્વિવિધ મોક્ષમાર્ગ તેની પ્રાપ્તિ નિયમથી ધ્યાનવડે જ થાય છે.

શ્રવણ વખતે શ્રવણ પણ એવું કરે છે કે સ્વાશ્રય તરફ વળું તેટલો મને લાભ છે. સંભળાવનાર સન્ત પણ એ સ્વાશ્રયની વાત સંભળાવે છે, ને સાંભળનાર પણ એવા સ્વાશ્રયના લક્ષે જ સાંભળે છે. –તો જ જિનવાણીનું સાચું શ્રવણ છે. પરાશ્રયભાવથી લાભ માને કે મનાવે–ત્યાં તો જિનવાણીનું શ્રવણ પણ સાચું નથી.

અહો, આવો સ્વાશ્રિતમાર્ગ મહાન ભાગ્યથી સાંભળવા મળે છે. ને જેણે આવો માર્ગ લક્ષગત કર્યો તેને તેના સંભળાવનાર ગુરુપ્રત્યે ને શાસ્ત્રોપ્રત્યે ખરો વિનય–બહુમાન ને ભક્તિ આવ્યા વિના રહે નહિ. ધ્યાનવડે અંતરના ચૈતન્યતત્ત્વને જાણ્યા વગર વેદ–શાસ્ત્રોનાં ભણતર પણ અન્યથા છે; કેવળ આનંદરૂપ પરમતત્ત્વ છે–તેમાં પર્યાયને જોડવી–તે જ એક મુક્તિનો ઉપાય છે. લોકના ઘણા જીવો આવા તત્ત્વને જાણ્યા વગર અન્ય માર્ગમાં લાગી રહ્યા છે,–પરાશ્રયે વિકારભાવથી લાભ માની રહ્યા છે. પણ માર્ગ તો અંતરમાં ચૈતન્યસ્વભાવના આશ્રયે છે. માટે અંતરના ધ્યાનવડે શુદ્ધઆત્મા જ ઉપાદેય છે, ને એ સિવાય પરાશ્રયભાવો સમસ્ત છોડવા જેવા છે,–એ તાત્પર્ય છે, ને એ જિનવાણીનું ફરમાન છે.

* * * * *

# સાધકની વિચારશ્રેણી અને સ્વભાવનો રંગ

## આધ્યાત્મિક નવધાભક્તિનું સુંદર વર્ણન

**મોક્ષસાધક ધર્માત્માની દશા કેવી હોય, એની વિચારધારા કેવી અંતર્મુખી હોય, એને ચૈતન્યનો રંગ કેવો હોય, ને શુદ્ધાત્મા પ્રત્યે નવધાભક્તિ કેવી હોય, તે અહીં ટૂંકાણમાં છતાં ઘણી જ ભાવપ્રેરક શૈલીથી ગુરુદેવે સમજાવ્યું છે.**

“જ્યારે જ્ઞાતા કદાચિત બંધપદ્ધત્તિનો વિચાર કરે ત્યારે તે જાણે કે આ બંધ-પદ્ધત્તિથી મારું દ્રવ્ય અનાદિકાળથી બંધરૂપ ચાલ્યું આવ્યું છે; હવે એ પદ્ધત્તિનો મોહ તોડીને વર્ત. આ પદ્ધત્તિનો રાગ પૂર્વની જેમ હે નર! તું શા માટે કરે છે? આમ ક્ષણમાત્ર પણ બંધપદ્ધત્તિને વિષે તે મગ્ન થાય નહિ. તે જ્ઞાતા પોતાનું સ્વરૂપ વિચારે, અનુભવે, ધ્યાવે, ગાવે, શ્રવણ કરે; તથા નવધાભક્તિ, તપક્રિયા એ પોતાના શુદ્ધસ્વરૂપની સન્મુખ થઈને કરે;-એ જ્ઞાતાનો આચાર છે. એનું જ નામ મિશ્રવ્યવહાર છે.”

જુઓ, આ સાધક જીવનો વ્યવહાર, ને એની વિચારશ્રેણી! એને સ્વભાવનો કેટલો રંગ છે? વારંવાર એનો જ વિચાર, એનું જ મનન, એના જ ધ્યાન-અનુભવનો અભ્યાસ, એનાં જ ગુણગાન ને એનું જ શ્રવણ, સર્વ પ્રકારે એની જ ભક્તિ, જે કાંઈ ક્રિયામાં પ્રવર્તે છે તેમાં સર્વત્ર શુદ્ધસ્વરૂપની સન્મુખતા મુખ્ય છે. એના વિચારમાં પણ સ્વરૂપના વિચારની મુખ્યતા છે, તેથી કહ્યું કે “જ્ઞાતા ‘કદાચિત’ બંધપદ્ધત્તિનો વિચાર કરે.....” ત્યારે પણ બંધપદ્ધતિમાં તે મગ્ન થતો નથી પણ તેનાથી છૂટવાના જ વિચાર કરે છે. અજ્ઞાની તો બધુંય રાગની સન્મુખતાથી કરે છે, શુદ્ધસ્વરૂપની સન્મુખતા તેને નથી. તે કર્મબંધન વગેરેના વિચાર કરે તો તેમાં જ મગ્ન થઇ જાય છે ને અધ્યાત્મ તો એકકોર રહી જાય છે. અરે ભાઈ, એવી બંધપદ્ધત્તિમાં તો અનાદિથી તું વર્તી જ રહ્યો છે.......હવે તો એનો મોહ છોડ. અનાદિથી એ પદ્ધત્તિમાં તારું જરાય હિત ન થયું, માટે એનો મોહ તોડીને હવે તો અધ્યાત્મપદ્ધત્તિ પ્રગટ કર. જ્ઞાનીએ તો તેનો મોહ તોડયો જ છે ને અધ્યાત્મપદ્ધત્તિ પ્રગટ કરી છે, પણ હજી રાગની કંઇક પરંપરા બાકી છે તેને અધ્યાત્મની ઉગ્રતા વડે છેદવા માંગે છે. એટલે રાગની પદ્ધતિમાં તે એકક્ષણ પણ મગ્ન થતો નથી.-જુઓ, આ મોક્ષના સાધકની દશા! ‘તું રુચતાં જગતની રુચિ આળસે સૌ...... ’ શુદ્ધઆત્મારૂપ

સમયસારની જ્યાં રુચિ થઇ ત્યાં પરભાવની રુચિ રહે નહિ; અરે, જગત આખાની રુચિ છૂટી જાય. જેને અંશમાત્ર પણ રાગની રુચિ રહે તેના પરિણામ ચૈતન્ય તરફ વળી શકે નહિ, ને મોક્ષમાર્ગને તે સાધી શકે નહિ.

રાગની રુચિ છોડીને ધર્મી જીવ ચૈતન્યના પ્રેમમાં એવો મગ્ન છે કે વારંવાર તેનુ જ સ્વરૂપ વિચારે છે, ઉપયોગને ફરીફરી આત્મા તરફ વાળે છે, ક્યારેક ક્યારેક નિર્વિકલ્પ અનુભવ કરે છે, એકાગ્રતાથી એને ધ્યાવે છે. 'ચેતનરૂપ અનૂપ અમૂરત.... સિદ્ધસમાન સદા પદ મેરો'–એમ સિદ્ધ જેવા નિજસ્વરૂપનો અનુભવ કરે છે; એની વાત સાંભળતાં પણ તે ઉત્સાહિત થાય છે, એનાં ગુણગાન ને મહિમા કરતાં તે ઉલ્લસિત થાય છે. અહા, મારી ચૈતન્યવસ્તુ અચિંત્ય મહિમાવંત, એની પાસે રાગાદિ પરભાવો તો અવસ્તુ છે,–એ અવસ્તુની રુચિ કોણ કરે? એનો મહિમા, એનાં ગુણગાન કોણ કરે ? સમ્યગ્દ્રષ્ટિ તો પોતાના શુદ્ધસ્વરૂપની નવધાભક્તિ કરે છે, અથવા મુનિરાજની નવધાભક્તિ કરે તેમાં પણ શુદ્ધસ્વરૂપની સન્મુખતા છે. આ વચનીકા લખનાર પં. બનારસીદાસજીએ સમયસારનાટકમાં, જ્ઞાની કેવી નવધાભક્તિ કરે છે તેનું સુન્દર વર્ણન કર્યું છે–

### આધ્યાત્મિક નવધાભક્તિ

श्रवण कीरतन चिंतवन सेवन वंदन ध्यान।
लघुता समता एकता नौधा भक्ति प्रबान।।८।।

(મોક્ષદ્વાર)

૧. શ્રવણઃ ઉપાદેયરૂપ પોતાના શુદ્ધસ્વરૂપના ગુણોનું પ્રેમપૂર્વક શ્રવણ કરવું તે એક પ્રકારની ભક્તિ છે. જેના પ્રત્યે જેને ભક્તિ હોય તેને તેનાં ગુણગાન સાંભળતાં પ્રમોદ આવે છે; ધર્મીને નિજસ્વરૂપના ગુણગાન સાંભળતાં પ્રમોદ આવે છે.

૨. કીર્તનઃ ચૈતન્યના ગુણોનું, તેની શક્તિઓનું વ્યાખ્યાન કરવું, મહિમા કરવો, તે તેની ભક્તિ છે.

૩. ચિંતનઃ જેના પ્રત્યે ભક્તિ હોય તેના ગુણોનો વારંવાર વિચાર કરે છે; ધર્મીજીવ નિજસ્વરૂપના ગુણોનું વારંવાર ચિંતન કરે છે. એ પણ સ્વરૂપની ભક્તિનો પ્રકાર છે.

૪. સેવન અંદરમાં નિજગુણોનું વારંવાર અધ્યયન કરવું.

૫. વંદનઃ મહાપુરુષોના ચરણોમાં જેમ ભક્તિથી વંદન કરે છે તેમ ચૈતન્યસ્વરૂપમાં પરમ ભક્તિપૂર્વક વંદવું–નમવું–તેમાં લીન થઇને પરિણમવું, તે સમ્યગ્દ્રષ્ટિની આત્મભક્તિ છે.

૬. ધ્યાનઃ જેના પ્રત્યે પરમ ભક્તિ હોય તેનું વારંવાર ધ્યાન થયા કરે છે; તેના ગુણોનો વિચાર, ઉપકારોનો વિચાર વારંવાર આવે છે, તેમ ધર્મી જીવ અત્યંત પ્રીતિપૂર્વક વારંવાર નિજસ્વરૂપના ધ્યાનમાં પ્રવર્તે છે. કોઈ કહે કે અમને નિજસ્વરૂપ પ્રત્યે પ્રીતિ ને

ભક્તિ તો ઘણીયે છે પણ તેના વિચારમાં કે ધ્યાનમાં મન જરાય લાગતું નથી;–તો તેની વાત જૂઠી છે. જેની ખરેખરી પ્રીતિ હોય તેના વિચારમાં ચિંતનમાં મન ન લાગે એમ બને નહિ. બીજા વિચારોમાં તો તારું મન લાગે છે, ને અહીં સ્વરૂપના વિચારમાં તારું મન લાગતું નથી,–એ ઉપરથી તારા પરિણામનું માપ થાય છે કે સ્વરૂપના પ્રેમ કરતાં બીજા પદાર્થોનો પ્રેમ તને વધારે છે. જેમ ઘરમાં માણસને ખાવા–પીવામાં બોલવા–ચાલવામાં ક્યાંય મન ન લાગે તો લોકો અનુમાન કરી લ્યે છે કે એનું મન ક્યાંક બીજે લાગેલું છે; તેમ ચૈતન્યમાં જેનું મન લાગે, એનો ખરો પ્રેમ જાગે તેનું મન જગતના બધા વિષયોથી ઉદાસ થઇ જાય.....ને વારંવાર નિજસ્વરૂપ તરફ તેનો ઉપયોગ વળે. આ પ્રકારે સ્વરૂપના ધ્યાનરૂપ ભક્તિ સમ્યગ્દ્રષ્ટિને હોય છે તેથી એવા શુદ્ધસ્વરૂપને સાધનારા પંચપરમેષ્ઠી વગેરેના ગુણોને પણ તે ભક્તિથી ધ્યાવે છે.

૭. લઘુતાઃ પંચપરમેષ્ઠી વગેરે મહાપુરુષો પાસે ધર્મી જીવને પોતાની અત્યંત લઘુતા ભાસે છે. અહા, ક્યાં એમની દશા! ને ક્યાં મારી અલ્પતા! અથવા સમ્યગ્દર્શનાદિ કે અવધિજ્ઞાનાદિ થયું પણ ચૈતન્યના કેવળજ્ઞાનાદિ અપાર ગુણો પાસે તો હજી ઘણી અલ્પતા છે–એમ ધર્મીને પોતાની પર્યાયમાં લઘુતા ભાસે છે. પૂર્ણતાનું ભાન છે એટલે અલ્પતામાં લઘુતા ભાસે છે. જેને પૂર્ણતાનું ભાન નથી તેને તો થોડાકમાં પણ ઘણું મનાઈ જાય છે.

૮. સમતાઃ બધાય જીવોને શુદ્ધસ્વભાવપણે સરખા દેખવા તેનું નામ સમતા છે; પરિણામને ચૈતન્યમાં એકાગ્ર કરતાં સમભાવ પ્રગટે છે. જેમ મહાપુરુષોની સમીપમાં ક્રોધાદિ વિસમભાવ થતા નથી–એવી તે પ્રકારની ભક્તિ છે, તેમ ચૈતન્યના સાધક જીવને ક્રોધાદિ ઉપશાંત થઇને અપૂર્વ સમતા પ્રગટે છે.

૯. એકતાઃ એક આત્માને જ પોતાનો માનવો, શરીરાદિને પર જાણવા; રાગાદિ ભાવોને પણ સ્વરૂપથી પર જાણવા, ને અંતર્મુખ થઈને સ્વરૂપ સાથે એકતા કરવી, – આવી એકતા તે અભેદભક્તિ છે, ને તે મુક્તિનું કારણ છે. સ્વમાં એકતારૂપ આવી ભક્તિ સમ્યગ્દ્રષ્ટિને જ હોય છે.

વાહ! જુઓ આ સમ્યગ્દ્રષ્ટિની નવધાભક્તિ, શુદ્ધ આત્મસ્વરૂપનું શ્રવણ, કીર્તન, ચિંતન, સેવન, વંદન, ધ્યાન, લઘુતા, સમતા અને એકતા–આવી નવધાભક્તિવડે તે મોક્ષમાર્ગને સાધે છે.

પ્રશ્નઃ જ્ઞાની નવધાભક્તિ કરે એ તો બતાવ્યું; પણ જ્ઞાની તપ કરે ખરા?

ઉત્તરઃ હા, જ્ઞાની તપ કરે,–પણ કઇ રીતે? કે પોતાના શુદ્ધસ્વરૂપ સન્મુખ થઇને તે તપ વગેરે ક્રિયા કરે છે. –આ જ્ઞાનીનો આચાર છે. જ્ઞાનીના આવા અંતરંગઆચારને

અજ્ઞાની ઓળખતો નથી, તે તો એકલી દેહક્રિયાને જ દેખે છે. શુદ્ધસ્વરૂપની સન્મુખતાથી જેટલી શુદ્ધપરિણતિ થઇ તેટલો તપ છે–એમ ધર્મી જાણે. આવો તપ અજ્ઞાનીને હોતો નથી, તેમજ તેને તે ઓળખતો પણ નથી. તપ વગેરેનો શુભરાગ તે બાહ્ય નિમિત્ત છે, અને દેહની ક્રિયા તો આત્માથી તદ્દન જુદી ચીજ છે, તેને બદલે અજ્ઞાની તો એને જ મૂળવસ્તુ માની બેસે છે, ને સાચી મૂળવસ્તુને ભૂલી જાય છે. શુભરાગ અને સાથે ભૂમિકાયોગ્ય શુદ્ધપરિણતિ તે જ્ઞાનીનો આચાર છે, તેનું નામ મિશ્રવ્યવહાર છે. મિશ્ર એટલે કંઈક અશુદ્ધતા ને કંઈક શુદ્ધતા; તેમાં જે અશુદ્ધઅંશ છે તે ધર્મીને આસ્રવ–બંધનું કારણ છે ને જે શુદ્ધઅંશ છે તે સંવર–નિર્જરાનું કારણ છે. –આ રીતે આસ્રવ–બંધ ને સંવર–નિર્જરા એ ચારે ભાવો ધર્મીને એક સાથે વર્તે છે. અજ્ઞાનીને મિશ્રભાવ નથી, એને તો એકલી અશુદ્ધતા છે; સર્વજ્ઞને મિશ્રભાવ નથી, એમ ને એકલી શુદ્ધતા છે. મિશ્રભાવ સાધકદશામાં છે. તેમાં શુદ્ધપરિણતિઅનુસાર તે મોક્ષમાર્ગને સાધે છે–એમ જાણવું.

અહા, ધર્માત્માની આ અધ્યાત્મકળા....અલૌકિક છે. આવી અધ્યાત્મકળા શીખવા જેવી છે, ને એનો પ્રચાર કરવા જેવો છે. ખરું સુખ આ અધ્યાત્મકળાથી જ પ્રાપ્ત થાય છે. અધ્યાત્મવિદ્યા સિવાય બીજી લૌકિકવિદ્યાઓની કિંમત ધર્મમાં કાંઇ નથી. सा विद्या या विमुक्तये–આત્માને મોક્ષનું કારણ ન થાય એવી વિદ્યાને વિદ્યા કોણ કહે? – વિદ્યાહીન હોય તે કહે!

જેણે અધ્યાત્મવિદ્યા જાણી છે એવા જ્ઞાનીને મિશ્રવ્યવહાર કહ્યો, એટલે શુદ્ધતા ને અશુદ્ધતા બંને એકસાથે તેને છે, પણ તેથી કાંઇ તે શુદ્ધતા ને અશુદ્ધતા એકબીજામાં ભળી જતા નથી. જે શુદ્ધતા છે તે કાંઈ અશુદ્ધતારૂપ થઇ જતી નથી, ને જે અશુદ્ધતા (રાગાદિ) છે તે કાંઇ શુદ્ધતારૂપ થઇ જતી નથી. એક સાથે હોવા છતાં બંનેની જુદી જુદી ધારા છે. આ રીતે 'મિશ્ર' એ બંનેનું જુદાપણું બતાવે છે, એકપણું નહિ. તેમાંથી જે શુદ્ધતા છે તેના વડે ધર્મી જીવ મોક્ષમાર્ગને સાધે છે, ને જે અશુદ્ધતા છે તેને તે હેય સમજે છે.

## મંગલ ભાવના

આ આત્મા મોહબંધનમાં ક્યાંય ન બંધાય....ને ચૈતન્યપ્રેમના બળથી મોહબંધનની બેડી તોડીને મોક્ષપંથે દોડે એવી મંગલ ભાવના અને મંગલપ્રાર્થના પૂર્વક દેવ–ગુરુની મંગલછાયામાં નૂતનવર્ષનો મંગલપ્રારંભ થાય છે.....

## સંસારસમુદ્રને તરવાની કળા

જીવ બીજી ગમે તેટલી કળા શીખે પરંતુ આત્માના સ્વાનુભવની કળા જ્યાં સુધી ન શીખે ત્યાં સુધી તે ભવસમુદ્રને તરી શકતો નથી; સ્વાનુભવ એ જ ભવસમુદ્રને તરવાની કળા છે. એ કળાને જે નથી જાણતો તે બીજી અનેક કળા જાણતો હોય તો પણ સંસારસમુદ્રમાં ડુબે છે; અને જેણે એક સ્વાનુભવકળા જાણી તે જીવ ભલે કદાચ બીજી એક્કેય કળા ન જાણતો હોય તોપણ સંસાર–સમુદ્રને તરી જાય છે. માટે સન્તોનો ઉપદેશ છે કે હે જીવો! જો તમે આ દુઃખમય સંસારસમુદ્રને તરવા ચાહતા હો તો બીજી બધી કળાનું મહત્ત્વ છોડીને આ સ્વાનુભવકળાનું મહત્ત્વ સમજો અને તેનો ઉદ્યમ કરો. સ્વાનુભવકળાની આ વાત સ્પષ્ટ સમજાવવા અહીં નાવિક અને પંડિતનું દ્રષ્ટાન્ત આપ્યું છે, તે કોઈ કટાક્ષ માટે નહિ પણ ભવસમુદ્રને તરવાની કળાનું સ્વરૂપ સ્પષ્ટ સમજાવવા માટે છે...

આ સમ્યક્ત્વની ને સ્વાનુભવની બહુ સરસ વાત છે....એને લક્ષગત કરતાં જન્મમરણ ટળી જાય એવી આ અલૌકિક વાત છે. આ ‘સ્વાનુભવ’ કળા એ જ સંસારસમુદ્રથી તરવાની કળા છે, બાકી બીજાં ભણતર આવડે તોય ભલે ને ન આવડે તોય ભલે. આ સ્વાનુભવ–કળાને જે નથી જાણતો તે ભલે બીજી અનેક કળાઓ જાણતો હોય તોપણ સંસાર સમુદ્રને તરી શકતો નથી, મોક્ષને માટે એની એક્કેય કળા કામ આવતી નથી. અને સ્વાનુભવની એક કળાને જે જાણે છે તેને ભલે બીજી કળા કદાચ ન આવડે તોપણ સ્વાનુભવના બળે તે સંસારને તરશે ને મોક્ષને સાધશે. સ્વાનુભવથી એને કેવળજ્ઞાનની એવી મહાવિદ્યા ખીલશે કે તેમાં જગતની બધીયે વિદ્યાનું જ્ઞાન સમાઈ જાય. અરે, આયુષ્ય ઓછું, બુદ્ધિની અલ્પતા ને શ્રુતનો પાર નહિ–તેમાં હે જીવ! તારે એ જ શીખવા જેવું છે કે જેનાથી આ ભવસમુદ્રને તરાય. બીજી આડીઅવળી વાતમાં પડયા વગર મૂળ પ્રયોજનભૂત એ વાતને જાણ કે જે જાણવાથી આત્મા આ સંસારસમુદ્રને તરી જાય. આ સંબંધમાં દ્રષ્ટાંતઃ એક વેદીયા વિદ્વાન નૌકામાં બેસીને જતા હતા; વચ્ચે નાવીક સાથે



વાત કરતાં કરતાં તેણે પૂછયું–કેમ નાવીક! તને સંગીત આવડે છે? નાવીક કહે–ના ભાઈ! પછી થોડીવારે પૂછયું–વ્યાકરણ આવડે છે? જ્યોતિષ આવડે છે? ગણીત આવડે છે? નાવીક તો કહે–ના....બાપુ! છેવટે પૂછયું–ભાઈ, લખતાંવાંચતાં તો આવડતું હશે! નાવીક કહે–ના રે બાપુ! અમારે તો ભલી આ નદી ને ભલી અમારી નૌકા....અમને તો આ પાણીમાં કેમ તરવું તે આવડે છે. પંડિતજી કહે–બસ, ત્યારે તો નાવીકભાઈ! તમારી જીંદગી પાણીમાં ગઈ. અમે તો ન્યાય–વ્યાકરણ–સંગીત–કાયદા–જ્યોતીષ વગેરે બધું જાણીએ. નાવીક કહે–બહુ....સારૂં......બાપા! અમારે તો અમારા કામથી કામ. હજી તો આમ વાત કરે છે. ત્યાં તો જોસદાર વાવાઝોડું ઉપડયું, નૌકા તો હાલકડોલક થતી તણાવા લાગી.....ને થોડીવારમાં ડુબી જશે એવું લાગ્યું. ત્યારે નાવીકે પૂછયું–શાસ્ત્રીજી મા' રાજ! તમને તરતાં આવડે છે કે નહીં? શાસ્ત્રીજી તો ગભરાઈ ગયા ને કહ્યું–ના ભાઈ, બધુંય આવડે છે પણ એક તરતાં નથી આવડતું. નાવીક કહે–શાસ્ત્રીજી, તમે બધું શીખ્યા પણ તરતાં ન શીખ્યા....આ નૌકા તો હમણાં ડૂબી જશે. મને તો તરતાં આવડે છે એટલે હું તો હમણાં તરીને સામે કાંઠે પહોંચી જઇશ...પરંતુ તમે તો આ નૌકા સાથે હમણાં ડુબશો, તમે ને ભેગી તમારી બધીયે વિદ્યા પાણીમાં જશે. આ તો એક દ્રષ્ટાન્ત છે. તેમ જેણે આ ભવસમુદ્રથી તરવું હોય તેણે સ્વાનુભવની વિદ્યા શીખવા જેવી છે. બીજું અપ્રયોજનભૂત જાણપણું ઘણું કરે પણ જો અંતરમાં સ્વભાવભૂત ચૈતન્યવસ્તુ શું છે તેને લક્ષગત ન કરે, તો બહારનાં જાણપણા એને ( વેદીયાવિદ્વાનની જેમ ) સંસારથી તરવાના કામમાં નહિ આવે. અને જેણે બહારનો મહિમા છોડીને અંદરમાં ચૈતન્યવિદ્યાને સાધી છે તેને બહારની બીજી વિદ્યા કદાચિત ઓછી હોય તોપણ ( નાવીકની જેમ ) સ્વાનુભવની વિદ્યા વડે તે ભવસમુદ્રને તરી જશે ને ત્રણલોકમાં સૌથી શ્રેષ્ઠ એવી કેવળજ્ઞાનવિદ્યાના તે સ્વામી થઇ જશે.

અરે જીવ! સ્વાનુભવની કળા શીખવનારા ને સંસારથી તારનારા સન્ત–ધર્માત્માઓ તને મળ્યા, તો અત્યારે તારી બહારની કળાના જાણપણાનું ડહાપણ એકકોર મુક ને સ્વાનુભવકળાની મહત્તાને સમજ. ભાઈ, એના વિના સંસારનો ક્યાંય આરો નથી. આ સ્વાનુભવ પાસે બીજા બધા ભણતર થોથા છે. હજારો વર્ષના શાસ્ત્રભણતર કરતાં એક ક્ષણનો

સ્વાનુભવ વધી જાય છે. માટે એને તું જાણ. આત્માના જ્ઞાન–ધ્યાનવડે ધર્મીને ઘણી શુદ્ધતા વધતી જાય છે ને અસંખ્યાતગણી નિર્જરા થતી જાય છે. બહારનો ઉઘાડ તો વધે કે ન પણ વધે પણ અંદર ચૈતન્યને અનુભવવાની જ્ઞાનની શક્તિ તેને જે વધતી જાય છે, ને આવરણ એકદમ તૂટતું જાય છે. એક ક્ષણભરના સ્વાનુભવથી જ્ઞાનીને કર્મો તૂટે છે, અજ્ઞાનીને લાખો ઉપાયો કરતાં પણ એટલાં કર્મો તૂટતાં નથી. આમ સમ્યક્ત્વનો અને સ્વાનુભવનો કોઈ અચિંત્ય મહિમા છે–એમ સમજીને હે જીવ! તું તેની આરાધનામાં તત્પર થા.



આવા સમ્યક્ત્વ અને સ્વાનુભવના મંગલગીત ગાતું ને તેની પ્રેરણાના
પીયૂષ પાતું, ‘અધ્યાત્મસન્દેશ’ પુસ્તક જિજ્ઞાસુએ વાંચવા યોગ્ય છે.
મૂલ્ય બે રૂપીયાઃ પ્રાપ્તિસ્થાનઃ જૈન સ્વાધ્યાય મંદિર, સોનગઢ

## ભાઈ–બહેન

જીવના સાચા કુટુંબનું વર્ણન કરતાં ‘અષ્ટપ્રવચન’ માં ગુરુદેવ કહે છે કે – શુદ્ધોપયોગ તે ભાઈ છે, કેમકે તે શુદ્ધોપયોગ મોક્ષમાં જવા માટે ભાઈસમાન સહાયક છે. અને નિર્મળ સમ્યગ્જ્ઞાનની પરિણતિ તે ભદ્રસ્વભાવવાળી પ્રશંસનીય બહેન છે,–કે જે મોક્ષાર્થી આત્મા ઉપર ઉપકાર કરે છે. જ્ઞાનપરિણતિ તે આત્માની મુખ્ય અને ચોક્કસ ઉપકાર કરનારી બહેન છે. તે નિર્મળ આત્મદ્રષ્ટિરૂપી ભગિની સર્વ ભયનો નાશ કરનારી છે, તે સ્વયં જ્ઞાન ને આનંદરૂપ છે. –અષ્ટપ્રવચન પૃ. ૧૧૭–૧૧૮

# વિવિધ વચનામૃત

( આત્મધર્મનો ચાલુ વિભાગઃ લેખાંકઃ ૧૪ )

## ( ૧૯૧ ) શત્રુ

નિર્મળ જ્ઞાન–વૈરાગ્યવડે શુદ્ધાત્માને ધ્યાવીને જે વિષય–કષાયોરૂપી શત્રુને હણે છે તે જ પરમાત્માના આરાધક છે. વિષયકષાય તે શુદ્ધાત્માના શત્રુ છે; તેનો જે નાશ ન કરે તે શુદ્ધાત્માનો આરાધક કેવો? સ્વરૂપને તે જ આરાધે છે કે જેને વિષયકષાયનો પ્રસંગ નથી. સર્વ દોષોથી રહિત એવા નિજપરમાત્મતત્ત્વની આરાધનાના ઘાતક વિષયકષાયો સિવાય બીજો કોઈ શત્રુ નથી.

## ( ૧૯૨ ) બે મિત્ર

આત્માને નિજસ્વરૂપની આરાધનામાં બે મિત્ર છે–એક વૈરાગ્ય ને બીજું તત્ત્વજ્ઞાન; વિષયકષાયની નિવૃત્તિરૂપ શુદ્ધાત્માની અનુભૂતિ પરમ વૈરાગ્યરૂપ છે; અને નિર્દોષ તત્ત્વ જ્ઞાનપૂર્વક એવો વૈરાગ્ય થાય છે. પરભાવોથી પરમ વિરક્તિરૂપ વૈરાગ્ય વગર સ્વાનુભૂતિ થાય નહિ. જ્યારે સમસ્ત પરભાવોથી વૈરાગ્ય થાય એટલે કે ત્યાંથી પરિણતિ પાછી વળીને સ્વભાવ તરફ વળે ત્યારે જ તત્ત્વજ્ઞાન સાચું થાય, ને જ્યારે સ્વસન્મુખ પરિણતિથી સમ્યક્ તત્ત્વજ્ઞાન થાય ત્યારે જ પરભાવોથી સાચી વિરક્તિરૂપ વૈરાગ્ય થાય.–આ રીતે વૈરાગ્ય અને તત્ત્વજ્ઞાન એ બંને પરસ્પર એકબીજાના મિત્ર છે. સ્વરૂપને સાધનાર જીવને આ બે મિત્ર પરમ સહાયક છે; તેમના વડે ધ્યાન અને વીતરાગીસમાધિ પમાય છે.

## ( ૧૯૩ ) સાચો રક્ષણહાર

મારો સહજસ્વભાવ મારાથી જ રક્ષિત છે, તે સ્વભાવના આશ્રયે થયેલી નિર્મળપરિણતિ પણ સ્વયં મારાથી જ રક્ષિત છે, કોઇ પ્રતિકૂળતા કે રાગાદિભાવો તેને હણી શકે નહિ. એટલે મારી કોઇ રક્ષા નહિ કરે–એવો ભય જ્ઞાનીને નથી. સ્વભાવમાં ઝૂકેલી મારી પરિણતિને હણનાર કોઇ છે જ નહિ. સ્વયં રક્ષિતને વળી ભય કેવો? બીજા રક્ષકની ઓશિયાળ કેવી? અરે, રાગ મારામાં આવીને મારા સ્વભાવને હણી જશે– એવો અરક્ષાભય જ્ઞાનીને નથી, કેમકે રાગને સ્વભાવથી જુદો જ જાણ્યો છે, રાગને સ્વભાવમાં એકપણે પેસવા દેતા જ નથી; તે રાગથી જુદા સહજ જ્ઞાનને સદાય અનુભવે છે, તેથી નિઃશંક અને નિર્ભય છે. પ્રતિકૂળતાનો હુમલો આવશે તો કોણ મારી રક્ષા કરશે –એવો ભય જ્ઞાનીને નથી. હું જ મારો રક્ષક છું. મારો આત્મા પોતે જ પોતાનો રક્ષણહાર છે.

**( ૧૯૪ ) પથિક**

મોક્ષનો પથિક આ આત્મા, દેહરૂપી વૃક્ષની છાયામાં જરાક વિશ્રામ લેવા રોકાયો છે....અંતે તો એને છોડીને સિદ્ધાલયમાં જવાનું છે. જેમ પથિક ઝાડને પોતાનું ન માને તેમ મોક્ષનો પથિક દેહને પોતાનો ન માને.

**( ૧૯૫ ) ધર્મનું ફળ–આનંદ**

સમ્યગ્દર્શન થતાં આનંદનો અનુભવ થયો, ત્યાં નિઃશંકપણે ધર્મી જાણે છે કે આવો આખોય આનંદ તે હું છું. જ્યાં પોતાનો આનંદ પોતામાં દેખ્યો, એનો સ્વાદ ચાખ્યો ત્યાં પરમાં ક્યાંય સુખબુદ્ધિ જ્ઞાનીને રહેતી નથી. આત્માના આનંદનું વેદન એ જ મુખ્ય વસ્તુ છે, એ જ ધર્મનું ફળ છે. બાહ્યસંયોગ એ કાંઈ ધર્મનું ફળ નથી. ધર્મના ફળરૂપ આનંદને ધર્મીજીવ નિઃશંકપણે પોતામાં અનુભવે છે.

**( ૧૯૬ ) શ્રદ્ધાનો ટંકાર**

અરે જીવ! શ્રદ્ધાના એક ટંકારે સર્વજ્ઞતા લે એવો તું છો. છતાં તું કેટલો કમજોર છે કે એક સેકંડ પણ વિકલ્પ વગર નથી રહી શકતો! તારા નિર્વિકલ્પ વિજ્ઞાનઘનના અત્યંત મધુર આનંદસ્વાદને ચાખવા એક ક્ષણ તો વિકલ્પથી અળગો થા. એકવાર તો શ્રદ્ધાનો ટંકાર કર.

**( ૧૯૭ ) વિશ્રામ**

વિકલ્પમાં ક્યાંય વિશ્રામ નથી. ચૈતન્યની અનુભૂતિમાં જ વિશ્રામ છે.

**( ૧૯૮ ) અંતર્મુખપરિણતિ**

સ્વવસ્તુની દ્રષ્ટિ થતાં ધર્મીને જે અંતર્મુખ પરિણતિ થઈ, તે શુદ્ધ નિર્વિકલ્પ છે.

તે ‘અંતર્મુખ પરિણતિ’ અને ‘બહિર્મુખ વિકલ્પ’ એ બંને ચીજ જાુદી પડી ગઈ.

હવે જે અંતર્મુખ પરિણતિનો કર્તા થઇને પરિણમ્યો તે બહિર્મુખ વિકલ્પનો કર્તા કેમ થાય? ...ન જ થાય.

અને જ્યાં બહિર્મુખ રાગનુંય કર્તૃત્વ નથી ત્યાં બહારના પરદ્રવ્યની ક્રિયાના કર્તૃત્વની તો વાત જ શી?

**( ૧૯૯ ) ધર્મીજીવની પરિણતિ મંગળરૂપ છે**

અંતર્મુખ પરિણતિવડે જે ધર્મીજીવ શુદ્ધભાવમાં તન્મય થઇને પરિણમ્યો તે હવે અશુદ્ધતામાં તન્મય કેમ થાય? ....ન જ થાય.

ને અશુદ્ધતામાં પણ જે તન્મય ન થાય તે જડ સાથે તો તન્મયપણું કેમ માને? ... ન જ માને.

આ રીતે અંતર્મુખ પરિણતિવડે ધર્મીજીવ પરભાવનો અકર્તા જ છે.

આનું નામ ભેદજ્ઞાન છે ને ધર્મીની આવી પરિણતિ તે મંગળ છે.

**( ૨૦૦ ) ધર્માત્માનું જીવન**

સ્વાનુભૂતિ એ ધર્માત્માનું ખરું જીવન છે.

તારે ધર્માત્માનું અંતરનું ખરું જીવનચરિત્ર જાણવું હોય તો તેમની સ્વાનુભૂતિને ઓળખ.

સ્વાનુભૂતિને જાણ્યા વગર ધર્માત્માનું જીવન ઓળખી શકાય નહિ.

# ધર્મના આરાધક સમ્યગ્દ્રષ્ટિની પ્રશંસા

સમ્યગ્દ્રષ્ટિ જીવ મોક્ષમાર્ગમાં એકલો પણ શોભે છે. હે જીવ! સમ્યક્ત્વની દ્રઢતાવડે એકલો એકલો મોક્ષમાર્ગે ચાલ્યો જા...જગતમાં કોઇનો સાથ ન હોય તોપણ સર્વજ્ઞભગવાન તારા સાથીદાર છે.

(ગતાંકના મુખપુષ્ટમાં જેનો ઉલ્લેખ હતો તે આ પ્રવચન છેઃ પૂ. ગુરુદેવ આ પ્રવચનમાં સમ્યક્ત્વની વિરલતા બતાવીને, ગમે તેવી પરિસ્થિતિ વચ્ચે પણ તેની આરાધનાની દ્રઢતાનો ઉપદેશ આપે છે, ને સમ્યક્ત્વની આરાધનાનો ઉત્સાહ જગાડે છે...એ ઝીલીને સમ્યક્ત્વની આરાધનામાં કટિબદ્ધ થઇએ.)

આ જગતમાં અત્યંત પ્રીતિપૂર્વક જે જીવ પવિત્ર જૈનદર્શનમાં સ્થિતિ કરે છે અર્થાત્ શુદ્ધ સમ્યગ્દર્શનને નિશ્ચલપણે આરાધે છે તે જીવ ભલે એક જ હોય ને કદાચ પૂર્વકર્મોદયથી દુઃખિત હોય તોપણ તે પ્રશંસનીય છે, કેમકે સમ્યગ્દર્શનવડે પરમ આનંદદાયક એવા અમૃતમાર્ગમાં તે સ્થિત છે. અને અમૃતમય મોક્ષમાર્ગથી જે ભ્રષ્ટ છે ને મિથ્યામાર્ગમાં સ્થિત છે એવા મિથ્યાદ્રષ્ટિ જીવો ઘણા હોય ને શુભકર્મથી પ્રમુદિત હોય તોપણ તેથી શું પ્રયોજન છે?–એ કાંઇ પ્રશંસનીય નથી. (પદ્મનંદીપચ્ચીશીઃ દેશવ્રતઉદ્યોત ન–૨)

ભાઈ, જગતમાં તો કાગડા–કૂતરા–કીડી–મંકોડા વગેરે અનંતા જીવો છે, પણ જૈનદર્શન પામીને જે જીવ પવિત્ર સમ્યગ્દર્શનાદિ રત્નત્રયની આરાધના કરે છે તે જ જીવ શોભનીક છે. સમ્યગ્દર્શન વગરના પુણ્ય પણ પ્રશંસનીય કે ઇચ્છનીક નથી. જગતમાં મિથ્યાદ્રષ્ટિ ઘણા હોય ને સમ્યગ્દ્રષ્ટિ ભલે થોડા હોય–તેથી શું? જેમ જગતમાં કોલસા ઘણા હોય ને હીરા કોઇક જ હોય, તેથી શું કોલસાની કિંમત વધી ગઇ? ના, થોડા હોય તોપણ ઝગમગતા હીરા શોભે છે, તેમ થોડા હોય તોપણ સમ્યગ્દ્રષ્ટિ જીવો જગતમાં શોભે છે. હીરા હંમેશાં થોડા જ હોય. જૈનધર્મ કરતાં અન્ય કુમતને માનનારા જીવો અહીં ઘણા દેખાય છે તેથી ધર્મીને સન્દેહ ન થાય કે તે કુમત સાચા હશે! તે તો નિઃશંકપણે પરમ પ્રીતિથી જૈનધર્મને એટલે કે સમ્યગ્દર્શનાદિ રત્નત્રયને આરાધે છે. ને એવા ધર્મીજીવોથી જ આ જગત શોભી રહ્યું છે.

સર્વજ્ઞદેવના પવિત્ર દર્શનમાં જે પ્રીતિપૂર્વક સ્થિતિ કરે છે એટલે કે નિશ્ચલપણે શુદ્ધ સમ્યગ્દર્શનને આરાધે છે તે સમ્યગ્દ્રષ્ટિ જીવ એકલો હોય તોપણ જગતમાં પ્રશંસનીય છે. ભલે કદાચ પૂર્વના કોઇ દુષ્કર્મના ઉદયથી તે દુઃખિત હોય, બહારની પ્રતિ–કુળતાથી ઘેરાયેલો હોય, નિર્ધન હોય, કાળો–કૂબડો હોય, તોપણ અંદરની અનંત ચૈતન્યઋદ્ધિનો સ્વામી તે ધર્માત્મા પરમ આનંદરૂપ અમૃતમાર્ગમાં રહેલો છે, કરોડો–અબજોમાં તે એકલો હોય તોપણ શોભે છે, પ્રશંસા પામે છે. રત્નકરંડશ્રાવકાચારમાં સમન્તભદ્રસ્વામી કહે છે કે–જે જીવ સમ્યગ્દર્શન–સમ્પન્ન છે, તે ચંડાળના દેહમાં ઉપજ્યો હોય તોપણ, ગણધરદેવ તેને 'દેવ' કહે છે; જેમ ભસ્મથી ઢંકાયેલા અંગારામાં અંદર ઓજસ–તેજ છે તેમ ચંડાળદેહથી ઢંકાયેલો તે આત્મા સમ્યગ્દર્શનના દિવ્યગુણથી ઝળહળી રહ્યો છે–

सम्यग्दर्शनसम्पन्नमपि मातङ्गदेहजं।
देवा देव विदुर्भस्मगूढाङ्गारान्तरौजसं।।२८।।

સમ્યગ્દ્રષ્ટિ જીવ ગૃહસ્થ હોય તોપણ મોક્ષમાર્ગમાં સ્થિત છે. તેને ભલે બહારની પ્રતિકૂળતા કદાચ હો પણ અંદરમાં તો એને ચૈતન્યના આનંદની લહેર છે; ઇન્દ્રના વૈભવમાંય જે આનંદ નથી તે આનંદને તે અનુભવે છે. પૂર્વકર્મનો ઉદય તેને હલાવી શકતો નથી. તે સમ્યક્ત્વમાં નિશ્ચલ છે. કોઇ જીવ તિર્યંચ હોય ને સમ્યગ્દર્શન પામ્યો હોય, રહેવાનું મકાન ન હોય તોપણ તે આત્મગુણોથી શોભે છે, ને મિથ્યાદ્રષ્ટિ જીવ દેવના સિંહાસને બેઠો હોય તોપણ તે શોભતો નથી, પ્રશંસા પામતો નથી. બહારના સંયોગથી કાંઇ આત્માની શોભા નથી, આત્માની શોભા તો અંદરના સમ્યગ્દર્શનાદિ ગુણોથી છે. અરે, નાનકડું દેડકું હોય, સમવસરણમાં બેઠું હોય, ભગવાનની વાણી સાંભળી અંદરમાં ઊતરી સમ્યગ્દર્શન વડે ચૈતન્યના અપૂર્વ આનંદને અનુભવે, ત્યાં બીજા કયા સાધનની જરૂર છે? ને બહારની પ્રતિકૂળતા ક્યાં નડે છે? આથી કહે છે કે ભલે પાપકર્મનો ઉદય હોય પણ હે જીવ! તું સમ્યક્ત્વની આરાધનામાં નિશ્ચલ રહે. પાપકર્મનો ઉદય હોય તેથી કાંઇ સમ્યક્ત્વની કિંમત ચાલી જતી નથી, એને તો પાપકર્મ નિર્જરતું જાય છે. ચારેકોર પાપકર્મના ઉદયથી ઘેરાયેલો હોય, એકલો હોય, છતાં જીવ પ્રીતિપૂર્વક સમ્યક્ત્વને ધારણ કરે છે તે અત્યંત આદરણીય છે; ભલે જગતમાં બીજા તેને ન માને, ભલે ઊંધી દ્રષ્ટિવાળા તેને સાથ ન આપે, તોપણ એકલો એકલો તે મોક્ષના માર્ગમાં આનંદપૂર્વક ચાલ્યો જાય છે. શુદ્ધઆત્મામાં મોક્ષનો અમૃતમાર્ગ તેણે જોયો છે, તે માર્ગે નિઃશંક ચાલ્યો જાય છે. પૂર્વકર્મનો ઉદય ક્યાં એનો છે? એની વર્તમાન પરિણતિ કાંઇ ઉદય તરફ નથી

ઝૂકતી, એની પરિણતિ તો ચૈતન્યસ્વભાવ તરફ ઝૂકીને આનંદમય બની ગઈ છે, તે પરિણતિથી તે એકલો શોભે છે. જેમ જંગલમાં વનનો રાજા સિંહ એકલો પણ શોભે છે તેમ સંસારમાં ચૈતન્યનો રાજા સમ્યગ્દ્રષ્ટિ એકલો પણ શોભે છે. સમ્યક્ત્વ ભેગા પુણ્ય હોય તો જ તે જીવ શોભે–એવી પુણ્યની અપેક્ષા કાંઇ સમ્યગ્દર્શનમાં નથી. સમ્યગ્દ્રષ્ટિ પાપના ઉદયથી પણ જુદો છે ને પુણ્યના ઉદયથી પણ જુદો છે. બંનેથી જુદો પોતાના જ્ઞાનભાવમાં સમ્યક્ત્વથી જ તે શોભે છે. આનંદમય અમૃતમાર્ગમાં આગળ વધતો તે એકલો મોક્ષમાં ચાલ્યો જાય છે. શ્રેણીકરાજા અત્યારે નરકમાં છે પણ તેનો આત્મા સમ્યક્ત્વને લીધે અત્યારે પણ મોક્ષમાર્ગમાં ગમન કરી રહ્યો છે, સમ્યક્ત્વના પ્રતાપે થોડા વખતમાં તે ત્રણલોકના નાથ થશે.

અને જેને સમ્યગ્દર્શન નથી, ધર્મની જેને ખબર નથી, અમૃતમાર્ગથી જે ભ્રષ્ટ છે ને મિથ્યામાર્ગમાં ગમન કરે છે, તે જીવ ભલે કદાચ પુણ્યોદયના ઠાઠથી ઘેરાયેલો (છૂટો નહિ પણ ઘેરાયેલો) હોય ને લાખો–કરોડો જીવો તેને માનનારા હોય, તોપણ તે શોભતો નથી, પ્રશંસા પામતો નથી; અરે, ધર્મમાં એની શી કિંમત! ‘પવિત્ર જૈનદર્શન સિવાય બીજા કોઈ વિપરીત માર્ગને આટલા બધા જીવો માને છે માટે તેમાં કાંઇક શોભા હશે! કંઇક સાચું હશે!’ –તો કહે છે કે ના; એમાં અંશમાત્ર શોભા નથી, સત્ય નથી. એવા મિથ્યામાર્ગમાં લાખો જીવો હોય તોપણ તેઓ શોભા પામતા નથી, કેમકે આનંદથી ભરેલા અમૃતમાર્ગની તેઓને ખબર નથી, તેઓ તો મિથ્યાત્વના ઝેરથી ભરેલા માર્ગમાં જઈ રહ્યા છે. જગતમાં કોઈ કુપંથને લાખો માણસો માને તેથી ધર્મીને શંકા ન પડે કે તેમાં કાંઇક શોભા હશે! ને સત્પંથમાં બહુ થોડા જીવો હોય, પોતે એકલો હોય તોપણ ધર્મીને સન્દેહ ન પડે કે સત્ય માર્ગ આ હશે કે બીજો હશે!–તે તો નિઃશંકપણે પરમ પ્રીતિપૂર્વક સર્વજ્ઞના કહેલા પવિત્ર માર્ગને સાધે છે. આ રીતે સત્પંથમાં એટલે કે મોક્ષ–માર્ગમાં સમ્યગ્દ્રષ્ટિ એકલો પણ શોભે છે. જગતની પ્રતિકૂળતાનો ઘેરો એને સમ્યક્ત્વથી ડગાવી શકતો નથી. મોક્ષમાર્ગને અહીં આનંદથી ભરેલો અમૃતમાર્ગ [आनन्दभर–प्रदअमृतपथ] કહ્યો છે, તેનાથી ભ્રષ્ટ મિથ્યામાર્ગમાં સ્થિત લાખો કરોડો જીવો પણ શોભતા નથી; ને આનંદભર અમૃતમાર્ગમાં એક–બે–ત્રણ સમ્યગ્દ્રષ્ટિ હોય તોપણ જગતમાં તે શોભે છે. માટે આવા સમ્યક્ત્વને નિશ્ચલપણે ધારણ કરવું. મુનિધર્મ હો કે શ્રાવકધર્મ હો, તેમાં સમ્યગ્દર્શન સૌથી પહેલું છે. સમ્યગ્દર્શન વગર શ્રાવકધર્મ કે મુનિધર્મ હોય નહિ. માટે હે જીવ! તારે ધર્મ કરવો હોય ને ધર્મી થવું હોય તો પહેલાં તું આવા સમ્યગ્દર્શનની આરાધના કર; સમ્યગ્દર્શનથી જ ધર્મીપણું થશે.

સત્નું માપ સંખ્યા ઉપરથી નથી, ને સત્ને દુનિયાની પ્રશંસાની જરૂર નથી. દુનિયામાં ઝાઝા જીવો માને ને ઝાઝા જીવો આદર આપે તો જ સત્ને સત્ કહેવાય–એમ નથી, થોડા માનનાર હોય તોપણ સત્ શોભે છે; સત એકલું પોતાથી શોભે છે.

અહા, સર્વજ્ઞદેવે કહેલો આત્મા જેની પ્રતીતિમાં આવી ગયો છે, અનુભવમાં આવી ગયો છે એવો સમ્યગ્દ્રષ્ટિ જીવ પુણ્યની મંદતાથી કદાચ ધનહીન–પુત્રહીન હોય, શરીર કાળું–કૂબડું હોય, રોગી હોય, સ્ત્રી કે તિર્યંચ હોય, ચંડાળ વગેરે હલકા કૂળમાં જન્મ્યો હોય, લોકોમાં અનાદર થતો હોય, બહારમાં અશાતાના ઉદયથી દુઃખી હોય–આમ ગમે તેટલી પ્રતિકૂળતા વચ્ચે ઊભો હોય છતાં, સમ્યગ્દર્શનના પ્રતાપે તે ચિદાનંદસ્વરૂપમાં સંતુષ્ટપણે મોક્ષને સાધી રહ્યો છે તેથી તે જગતમાં પ્રશંસનીય છે, ગણધરાદિ સંતો તેના સમ્યક્ત્વની પ્રશંસા કરે છે; એનો આનંદકંદ આત્મા કાંઇ નિર્ધન નથી, એનો આત્મા રોગી નથી, એનો આત્મા કાળો–કૂબડો કે ચંડાળ નથી, એનો આત્મા સ્ત્રી નથી, એ તો ચિદાનંદસ્વરૂપપણે જ પોતાને અનુભવે છે, અંદરમાં અનંત ગુણની નિર્મળતાનાં નિધાન એની પાસે છે.

સમ્યગ્દ્રષ્ટિની અંતરની દશા વર્ણવતાં શ્રી દૌલતરામજી કવિ કહે છે કે–

ચિન્મૂરત દ્રગધારિકી મોહે રીતિ લગત હૈ અટાપટી;
બાહર નારકીકૃત દુઃખ ભોગે અંતર સુખરસ ગટાગટી.

નારકીને બહારમાં ક્યાં કાંઇ સગવડ છે? છતાં તે સમ્યગ્દર્શન પામે છે, નાનું દેડકું પણ સમ્યગ્દર્શન પામે છે; તે પ્રશંસનીય છે. અઢીદ્વીપમાં સમવસરણ વગેરેમાં ઘણા તિર્યંચો સમ્યગ્દ્રષ્ટિ છે, તે ઉપરાંત અઢીદ્વીપ બહાર તો અસંખ્યાતા તિર્યંચો આત્માના જ્ઞાનસહિત ચોથે–પાંચમે ગુણસ્થાને બિરાજી રહ્યા છે, સિંહ–વાઘ ને સર્પ જેવા પ્રાણીઓ પણ સમ્યગ્દર્શન પામે છે, તે જીવો પ્રશંસનીય છે. અંદરથી ચૈતન્યનું પાતાળ ફોડીને સમ્યગ્દર્શન પ્રગટ્યું છે–એના મહિમાની શી વાત? બહારના સંયોગથી જીુએ એને એ મહિમા ન દેખાય, પણ અંદર આત્માની દશા શું છે તેને ઓળખે તો તેના મહિમાની ખબર પડે. સમ્યગ્દ્રષ્ટિએ આત્માના આનંદને દેખ્યો છે, એનો સ્વાદ ચાખ્યો છે, ભેદજ્ઞાન થયું છે, તે ખરેખર આદરણીય છે, પૂજ્ય છે. મોટા રાજા–મહારાજાને પ્રશંસનીય ન કહ્યા, સ્વર્ગના દેવને પ્રશંસનીય ન કહ્યા, પણ સમ્યગ્દ્રષ્ટિને પ્રશંસનીય કહ્યા, પછી ભલે તે તિર્યંચ પર્યાયમાં હો, નરકમાં હો, દેવમાં હો કે મનુષ્યમાં હો, તે સર્વત્ર પ્રશંસનીય છે. જે સમ્યગ્દર્શનધર્મને સાધી રહ્યા છે તે જ ધર્મમાં અનુમોદનીય છે. સમ્યગ્દર્શન વગર બાહ્ય ત્યાગ–વ્રત કે શાસ્ત્રનું જાણપણું વગેરે ઘણું હોય તોપણ, આચાર્યદેવ કહે છે કે એ કાંઈ

અમને પ્રશંસનીય લાગતું નથી, કેમકે એ કાંઇ આત્માના હિતનું કારણ બનતું નથી. હિતનું મૂળ કારણ તો સમ્યગ્દર્શન છે. કરોડો–અબજો જીવોમાં એકાદ સમ્યગ્દ્રષ્ટિ હોય તોપણ તે ઉત્તમ છે–પ્રશંસનીય છે, ને વિપરીત માર્ગમાં ઘણા હોય તોપણ તે પ્રશંસનીય નથી. આમ સમજીને હે જીવ ! તું સમ્યગ્દર્શનની આરાધના કર, એમ તાત્પર્ય છે.

શરીર ક્યાં આત્માનું છે ? જે પોતાનું નથી તે ગમે તેવું હોય તેની સાથે આત્માને શું સંબંધ છે ?–માટે ધર્મીની મોટપ સંયોગવડે નથી, ધર્મીની મોટપ પોતાના ચિદાનંદ સ્વભાવની અનુભૂતિથી જ છે. હજારો ઘેટાના ટોળા કરતાં વનમાં એકલો સિંહ પણ શોભે છે, તેમ જગતના લાખો જીવોમાં સમ્યગ્દ્રષ્ટિ એકલો પણ ( ગૃહસ્થપણામાં હોય તોપણ ) શોભે છે. સમ્યગ્દર્શન વગરનો મુનિ શોભતો નથી ને સમ્યગ્દ્રષ્ટિ મુનિપણા વગર પણ શોભે છે, તે મોક્ષનો સાધક છે, તે જિનેશ્વરદેવનો પુત્ર છે; લાખ પ્રતિકૂળતા વચ્ચે પણ તે જિનશાસનમાં શોભે છે. સમ્યગ્દર્શન વગરનો જીવ ક્યાંય શોભતો નથી. મિથ્યાદ્રષ્ટિવંત કરોડો ને સમ્યગ્દ્રષ્ટિવંત એકાદ, છતાં સમ્યગ્દ્રષ્ટિ જ શોભે છે. કીડીનાં ટોળાં ઝાઝા ભેગા થાય તેથી કાંઇ તેની કિંમત વધી જાય નહિ, તેમ મિથ્યાદ્રષ્ટિ જીવો ઝાઝા ભેગા થાય તેથી કાંઈ પ્રશંસા પામે નહિ. સમ્યગ્દર્શન વગર પુણ્યના ઠાઠ ભેગા થાય તોપણ આત્મા શોભે નહિ; ને નરકમાં જ્યાં હજારો–લાખો કે અસંખ્યાતા વર્ષો સુધી અનાજનો કણ કે પાણીનું ટીપું મળતું નથી ત્યાં પણ આનંદકંદ આત્માનું ભાન કરીને સમ્યગ્દર્શનથી આત્મા શોભી ઊઠે છે. પ્રતિકૂળતા તે કાંઇ દોષ નથી ને અનુકૂળતા તે કાંઇ ગુણ નથી. ગુણ–દોષનો સંબંધ બહારના સંયોગ સાથે નથી; આત્માના સ્વભાવની ને સર્વજ્ઞદેવની શ્રદ્ધા સાચી છે કે ખોટી તેના ઉપર ગુણ–દોષનો આધાર છે. ધર્મી જીવ પોતાના સ્વભાવના અનુભવથી–શ્રદ્ધાથી અત્યંત સંતુષ્ટ વર્તે છે, જગતના કોઈ સંયોગની આકાંક્ષા તેને નથી. સમ્યગ્દર્શન વગરનો કોઈ જીવ હજારો શિષ્યોથી પૂજાતો હોય–તોપણ તે પ્રશંસનીય નથી, ને કોઇક સમ્યગ્દ્રષ્ટિ–ધર્માત્માને માનનાર કોઈ ન હોય તોપણ તે પ્રશંસનીય છે, કેમકે તે મોક્ષનો પંથી છે. તે સર્વજ્ઞનો ‘લઘુનન્દન’ છે; મુનિ તે સર્વજ્ઞના મોટા પુત્ર છે ને સમકિતી તે લઘુનન્દન એટલે નાનો પુત્ર છે. ભલે નાનો, પણ છે તો સર્વજ્ઞનો વારસદાર, તે અલ્પકાળમાં ત્રણ લોકનો નાથ સર્વજ્ઞ થશે.

( બાકીનો ભાગ આવતા અંકે )




( ૬ )

**તત્ત્વરસિક જિજ્ઞાસુઓને પ્રિય દશ પ્રશ્ન દશ ઉત્તરનો આ વિભાગ પૂ. ગુરુદેવ પાસે થયેલ તત્ત્વચર્ચાઓમાંથી તેમ જ શાસ્ત્રોમાંથી તૈયાર કરવામાં આવે છે. બ્ર. હ. જૈન**

( ૬૧ ) પ્રશ્ન –દીપાવલીપર્વ શા માટે ઉજવાય છે?

ઉત્તરઃ –આસો વદ અમાસની અંધારી રાતે મહાવીર ભગવાન પાવાપુરીથી જ્યારે મોક્ષ પધાર્યા ત્યારે હજારે દીપકોની હારમાળાના ઝગઝગતા પ્રકાશમાં દેવ– મનુષ્યોએ જે મોક્ષકલ્યાણક–મહોત્સવ ઊજવ્યો તેના સ્મરણરૂપે દીપાવલીપર્વ આજે પણ ભારતમાં પ્રસિદ્ધ છે. આ રીતે દીપાવલીપર્વ એ મહાવીર ભગવાનની મોક્ષદશા સાથે સંબંધ ધરાવે છે, તેથી તે દિવસે તેનું સ્મરણ કરીને વિશેષ ભાવના ભાવવી જોઇએ. મોક્ષ તે મહા આનંદરૂપ છે, ને તેનું પર્વ પણ આનંદરૂપ છે.

( ૬૨ ) પ્રશ્ન –કોઇ જીવ સમ્યગ્દર્શન પામ્યો છે તેને ઓળખવાનું ચિહ્ન શું?–કે જેથી બીજો માણસ સમ્યગ્દ્રષ્ટિ અને મિથ્યાદ્રષ્ટિ વચ્ચેનો ફરક સમજી શકે.

ઉત્તરઃ –એકલા બહારની ક્રિયાના ચિહ્નથી સમ્યગ્દ્રષ્ટિને ઓળખી શકાય નહીં. જેને પોતાને સમ્યક્ત્વનું સ્વરૂપ લક્ષગત થયું હોય તે જ સમ્યગ્દ્રષ્ટિને ખરેખર ઓળખી શકે. સમ્યગ્દર્શન પોતે અતીન્દ્રિય વસ્તુ છે, એકલા ઇન્દ્રિયગમ્ય ચિહ્નોદ્વારા તેને ઓળખી ન શકાય. સમ્યગ્દ્રષ્ટિની ખરી ઓળખાણ ત્યારે થાય કે જ્યારે પોતામાં તે જાતનો ભાવ પ્રગટ કરે. સમ્યગ્દ્રષ્ટિની ઓળખાણનો ભાવ પણ અપૂર્વ છે; એ ભાવ,

રાગથી પાર છે. જેમ આત્મા 'અલિંગગ્રહણ' એટલે અતીન્દ્રિયગ્રાહ્ય છે તેમ તેની સમ્યક્ત્વાદિ દશા તે પણ ખરેખર અલિંગગ્રહણ એટલે અતીન્દ્રિયગ્રાહ્ય છે, એકલા ઇન્દ્રિયગમ્ય અનુમાનથી તેને ઓળખી શકાય નહિ. (એનું ઘણું સરસ વર્ણન પ્રવચનસાર ગા. ૧૭૨ અલિંગગ્રહણના વીસ બોલમાંથી ચોથા બોલમાં કર્યું છે. (જુઓ સુવર્ણસન્દેશ પત્રિકા નં. ૨૧)

(૬૩) પ્રશ્નઃ –સમ્યગ્દર્શન પામવાની તૈયારીવાળા જીવની દશા કેવી હોય છે? ને સમ્યગ્દર્શન પામ્યા પછી ગૃહસ્થદશામાં તેની દશા કેવી હોય છે?

ઉત્તરઃ –એક આત્મઅનુભવનો જ ઉમંગ, એનો જ રંગ, વારંવાર સતત તેની જ ઘોલના, નિજસ્વરૂપની અતિશય મહત્તા ને તેની એકની જ પ્રિયતા, બીજે બધેથી પરિણામ હટાવીને એક આત્મસ્વરૂપમાં જ પરિણામને લગાવવાનો ઊંડો–ઊંડો ઉગ્ર પ્રયત્ન, સ્વરૂપની અપ્રાપ્તિનો પ્રથમ તીવ્ર અજંપો, તેની પ્રાપ્તિ માટે અપાર જિજ્ઞાસા, પછી સ્વરૂપની આરાધનાનો (નીકટમાં જ તેની પ્રાપ્તિનો) ઉલ્લાસ–એમ ઘણા પ્રકારે અનેકવાર ગુરુદેવ સમ્યક્ત્વની ભૂમિકાનું સ્વરૂપ સમજાવે છે.

જેને સ્વરૂપ પ્રાપ્ત થયું ને અપૂર્વતા થઇ તે તો અપાર ગંભીરતાપણે અંદર ને અંદર જ સમાય છે. એ તાજા સમકિતીની પરિણતિમાં કોઇ પરમ ઉદાસીનતા, જગતથી અલિપ્તતા, આત્માના આનંદની કોઇ અચિન્ત્ય ખુમારી...(અનુભવનો અધુરો ઉત્તર અનુભવ વડે જ પૂરો થાય એવો છે. અનુભવ થાય ત્યારે એનું રહસ્ય સમજાય.)

(૬૪) પ્રશ્ન –જૈનધર્મ નિરીશ્વરવાદી છે? તે ઈશ્વરને નથી માનતો–એ ખરું?

ઉત્તરઃ –ના; ઈશ્વરને સાચા સ્વરૂપે જૈનધર્મ જ સ્વીકારે છે. આત્માનું સંપૂર્ણ ઐશ્વર્ય જે સર્વજ્ઞતા તે જે આત્માને પ્રગટેલ છે તે આત્મા પોતે ઈશ્વર છે. એવા સર્વજ્ઞ–ઈશ્વરને જૈનો જ ખરા સ્વરૂપે ઓળખીને સ્વીકારે છે. અન્ય લોકો ઈશ્વરનું સાચું સ્વરૂપ જાણતા નથી.

આ આત્મા પણ પોતાની આત્મશક્તિ ખીલવીને પરમેશ્વર બની શકે છે.

એકેક આત્મામાં પોતપોતાની પરમેશ્વરતા ભરી છે;–આવું દરેક આત્માનું ઈશ્વરપણું બતાવે છે–તે જૈનધર્મની ખાસ વિશિષ્ટતા છે, જૈનો સિવાય બીજા કોઈ તે જાણતા કે સ્વીકારતા નથી.

જગતમાં સર્વજ્ઞતાને પામેલા ઈશ્વર–પરમાત્મા ( સિદ્ધ ) અનંતા છે, તેને જૈનો જ સ્વીકારે છે; બીજાઓ તો અનંતા ઈશ્વરને જાણતા નથી. માટે જૈનો જ સાચા ઈશ્વરવાદી છે. બીજા નિરીશ્વરવાદી છે.

ઈશ્વરને જગતના કર્તા માનવા તેનું નામ કાંઇ ઈશ્વરવાદ નથી; પરંતુ ઈશ્વરના ખરા સ્વરૂપે ઈશ્વરને ઓળખવા તે જ સાચો ઈશ્વરવાદ છે.

ઈશ્વર સર્વજ્ઞ છે, ને ઈશ્વર જગતના અકર્તા છે.

ઈશ્વરને જગત્કર્તા માને તેણે ઈશ્વરના શુદ્ધસ્વરૂપને જાણ્યું નથી.

( ૬૫ ) પ્રશ્ન –પડયો હતો ભ્રાંતિમાં કે આત્મા પરથી અભિન્ન છે.
જાગ્યો અને જાણી લીધું કે આત્મા સર્વથી ભિન્ન છે.
આટલું જાણ્યું,–પણ હવે પછી શું ?

ઉત્તરઃ જાણ્યું જ નથી, ભાઈ ! ખરેખર જેણે આટલું જાણ્યું તેને ભેદજ્ઞાન થાય, ને ‘હવે પછી શું ? ’ એવો સંદેહનો પ્રશ્ન તેને રહે નહિ. સ્વ–પરની ભિન્નતા જેણે યથાર્થ જાણી તેની પરિણતિ સ્વ તરફ વળે, અતીન્દ્રિયઆનંદને અનુભવે, ને હવે સાદિઅનંત આ જ કરવાનું છે–એમ નિઃસંદેહતા થાય.

( ૬૬ ) પ્રશ્ન –ક્રોધાદિ વિભાવપર્યાયમાં તો પરનિમિત્ત હોય, પણ સ્વભાવરૂપ નિર્મળપર્યાયમાં શું પરનિમિત્ત હોય ?

ઉત્તરઃ –હા; નિર્મળપર્યાયમાં પણ નિમિત્ત હોય છે. કાં દેવ–ગુરુ નિમિત્ત, કાળ નિમિત્ત, દેહાદિ યોગ્ય નિમિત્ત, જિનવાણી વગેરે નિમિત્ત હોય છે. ભલે કાર્ય તો નિમિત્તથી નિરપેક્ષપણે થાય છે પણ નિમિત્તનું નિમિત્ત તરીકે અસ્તિત્વ હોય છે. એટલું ખરું કે વિભાવપર્યાયમાં જેમ કર્મનો ઉદય નિમિત્ત છે તેમ શુદ્ધપર્યાયમાં કર્મ નિમિત્ત નથી, તેમજ તે પર્યાયમાં પરનો આશ્રય નથી, તેથી તેને નિરપેક્ષ કહેવાય છે. પણ તેથી કાંઇ પર ચીજ તેમાં નિમિત્ત પણ ન હોય–એમ નથી. સિદ્ધભગવાનનેય કેવળજ્ઞાનમાં લોકાલોક નિમિત્ત છે. પર ચીજ નિમિત્ત હોય તે કાંઇ દોષનું કારણ નથી.

( ૬૭ ) પ્રશ્ન –તીર્થંકરભગવાનની દિવ્યવાણી કેટલીવાર છૂટે ?

ઉત્તરઃ –સવારે, બપોરે, સાંજે ને મધ્યરાત્રે એમ ચાર વાર છ–છ ઘડી ભગવાનની વાણી છૂટે; તે ઉપરાંત કોઇવાર ગણધરાદિ ઉત્તમપુરુષોના પ્રશ્નઅનુસાર પણ દિવ્યધ્વનિ છૂટે છે.–જે ધ્વનિ ઝીલતાં અનેકજીવો સ્વસન્મુખ બની સમ્યક્ત્વાદિને સાધે છે.

( ૬૮ ) પ્રશ્ન –મહાવિદેહક્ષેત્રમાં ક્યો ધર્મ ?

ઉત્તરઃ –ત્યાં વ્યક્તપણે શુદ્ધ દિગંબર જૈનધર્મ જ હોય છે; અંદર અભિપ્રાયમાં ભલે મિથ્યાઅભિપ્રાયવાળા જીવો હોય પણ પ્રસિદ્ધપણે તો જૈનધર્મનું જ પ્રવર્તન છે. એ સિવાય બીજા કોઇ મત, તેના મંદિરો કે તેના ગુરુઓનું ત્યાં પ્રવર્તન નથી. ત્યાં ઓછામાં ઓછા વીસ તીર્થંકરભગવંતો તો સદૈવ વર્તતા જ હોય છે.–

ધર્મકાળ અહો વર્તે ધર્મક્ષેત્ર વિદેહમાં,
વીસવીસ જહાં ગર્જે ધોરી ધર્મપ્રવર્તકા

એ સીમંધરાદિ તીર્થંકરભગવંતોને નમસ્કાર હો.

( ૬૯ ) પ્રશ્નઃ –ભેદજ્ઞાનની રીત અઘરી લાગે છે તો શું કરવું ?

ઉત્તરઃ –ઉત્સાહપૂર્વક વારંવાર દ્રઢપણે અતિશય પ્રેમથી તેનો અભ્યાસ કરતાં તે જરૂર સુગમ થઈ જાય છે. અટપટુ ને સૂક્ષ્મ તો છે પણ અશક્ય નથી, એટલે તેના ખરા પ્રયત્નથી તે જરૂર થઇ શકે તેવું છે. ભેદવિજ્ઞાન કરી કરીને અનંતા જીવો મુક્તિ પામ્યા, તે જીવો પણ આપણા જેવા જ હતા, તો તેમણે જે કર્યું તે આપણાથી પણ થઇ શકે તેવું છે. ખરી ધગશથી તેનો અભ્યાસ કરવો જોઇએ.

રાગ અને જ્ઞાન વચ્ચે સૂક્ષ્મ સાંધ છે, તેઓ સાંધ વગરના–એકમેક થઇ ગયા નથી, માટે પ્રજ્ઞાછીણીના અભ્યાસવડે તેમને ભિન્ન પાડીને શુદ્ધજ્ઞાનને અનુભવી શકાય છે.

( ૭૦ ) પ્રશ્નઃ –કોઈ જીવને સીધું ક્ષાયિક સમ્યક્ત્વ થાય ?

ઉત્તરઃ –ક્ષાયોપશમિકમાંથી જ ક્ષાયિક સમ્યક્ત્વ થાય; અનાદિના મિથ્યાદ્રષ્ટિ જીવને પહેલાં ઉપશમ–સમ્યક્ત્વ જ થાય; પછી ક્ષયોપશમપૂર્વક જ ક્ષાયિક થાય. એટલે ત્રણે પ્રકારના સમ્યક્ત્વને દરેક મોક્ષગામી જીવ જરૂર પામે જ.

આ અંકની ચર્ચા પૂરીઃ जय जिनेन्द्र.

# શૂરાતન

## હે જીવ ! આત્માને માટે શૂરાતન ચડાવઃ અરિહંતોના ભક્ત શૂરવીર હોય છે

જીવને જે કાર્ય કરવાનું શૂરાતન ચડે છે તે કાર્ય તે કોઈપણ ભોગે પાર પાડે છે. આ સંબંધી લડાઇનું દૃષ્ટાન્ત આપતાં ગુરુદેવે રાત્રિચર્ચામાં કહ્યું કે–દુશ્મનનો નાશ કરવાનું જેને શૂરાતન ચડયું તે સૈનિક પોતાના દેહની દરકાર છોડીને–કુટુંબાદિની દરકાર છોડીને 'યાહોમ' કરે છે,–હાથ પગ કપાય, આંખો જાય છતાં તે પાછી પાની કરતો નથી કે શૂરાતન છોડતો નથી,–સાજો થઇને ફરી લડવા જવું છે એમ કહે છે. તેમ અહીં જે આત્માર્થી–સૈનિકને આત્માને સાધવાનું શૂરાતન જાગ્યું છે. મોહશત્રુને નાશ કરવા માટે શૂરાતન ચડયું છે તે દેહની ને જગતની બધાની દરકાર છોડીને અંદરમાં 'યાહોમ' કરે છે. પ્રતિકૂળતાને ગણકારતો નથી, આત્માને સાધવામાં ક્યાંય પાછી પાની કરતો નથી; શૂરવીર યોદ્ધાની જેમ સર્વ પ્રયત્નથી આત્માને સાધે છે. આત્માને સાધવાનું સાચું શૂરાતન ચડે તો આત્મા તુરત જ જરૂર સધાય.

શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે–શૂરાતન હોય તો વર્ષનું કામ બે ઘડીમાં કરી શકાય. શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે. મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવામાં શૂરવીરપણું ગ્રહણ કરવા યોગ્ય છે....ઉલ્લાસિત વીર્યવાન પરમતત્ત્વ ઉપાસવાનો મુખ્ય અધિકારી છે.

અરે જીવ ! તું શૂરવીર થા....તારી પ્રભુતાની બેહદ તાકાત તારામાં ભરી છે.... તેની શ્રદ્ધાના સિંહનાદ કરીને આત્માને સાધ....કાયરતા છોડીને વીરતાપૂર્વક વીરમાર્ગે આગે બઢ....

અરિહંતોના ભક્ત શૂરવીર હોય છે.



# શાન્તિકા સચ્ચા રાસ્તા (બ્ર. હ. જૈન)



મુંબઈનગરીમાં ગુરુદેવને ‘હીરકજયંતિ-અભિનંદન ગ્રંથ’ અર્પણ કર્યા પછી શ્રી લાલબહાદૂરજી શાસ્ત્રીએ કરેલા ભાષણમાં છેલ્લા શબ્દો આ હતા– “मुझे बडी प्रसन्नता हूई..... मैं फिर एकबार अपना आदर सन्मान और श्रद्धांजलि प्रगट करता हूं, और यह निवेदन करता हूं कि जो मार्ग–जो रास्ता अहिंसा और शांतिका, चरित्रका, नैतिकताका आप दिखाते है उस पर यदि हम चलेंगे तो उसमें हमारा भी भला होगा, समाजका भी होगा, व देशका भी होगा ” –ખરી વાત છે શાસ્ત્રીજી! દેશનું સમાજનું કે વ્યક્તિનું હિત તે જ માર્ગે છે કે જે માર્ગ પૂ. કાનજી સ્વામી જેવા સન્તો દર્શાવી રહ્યા છે. –આપણા રાષ્ટ્રમાં એ માર્ગનો ઉદ્યોત થાઓ.

(કટોકટીની ઘડીએ એકાએક હાજર થઈને માનનીય શાસ્ત્રીજીએ ગુરુદેવને જે અભિનંદન-ગ્રંથ અર્પણ કર્યો તે ગ્રંથની થોડી જ નકલો સિલકમાં છે. કિંમત છ રૂપીઆઃ પ્રાપ્તિ સ્થાનઃ જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટઃ સોનગઢ, સૌરાષ્ટ્ર)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને મુદ્રકઃ અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર